RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર
દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન
સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ
કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ,
રાજકોટ.
Email:
nutanpress@yahoo.com,
snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક-૧૧૦, અંકઃ ૧૬૯, વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ (૮), શુક્રવાર તા.૦૭-૦૩-૨૦૨૫, પાના- ૮, કિંમત રૂ.૧-૫૦ પૈસા

### પોલીસની સામે ખાલિસ્તાની સમર્થકોએ તિરંગો ફાડ્યો

# લંડનમાં વિદેશ મંત્રી એસ. જયશંકર પર હુમલાનો પ્રયાસ

### જયશંકર ચેથમ હાઉસ પહોંચે તે પહેલાં કેટલાક ખાલિસ્તાની સમર્થકો ત્યાં પહોંચી ગયા હતા, તેમણે દેશ વિરોધી નારેબાજી કરી



નવી દિલ્હી, તા.૬

વિદેશ મંત્રી એસ જયશંકર બ્રિટન અને આયર્લેન્ડની છ દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. ત્યારે બુધવારે તેઓ બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરને પણ મળ્યા. જ્યારે ગુરુવારે લંડનના થિંક ટેન્ક ચેથમ હાઉસ ખાતે 'વિશ્વમાં ભારતનો ઉદય અને ભૂમિકા' વિષય પર વાત કરી હતી. આ પહેલા એક ચોંકાવનારી ઘટના બની જેની સમગ્ર ભારતમાં ચર્ચા થવા લાગી છે.ઉલ્લેખનીય છે કે વિદેશ મંત્રી જયશંકર ચેથમ હાઉસ પહોંચે તે પહેલાં કેટલાક ખાલિસ્તાની સમર્થકો ત્યાં પહોંચી ગયા હતા. તેમણે દેશ વિરોધી નારેબાજી કરવાની શરૂઆત કરી દીધી હતી. આ દરમિયાન જ્યારે જયશંકર જ્યારે ચેથમ હાઉસથી નીકળી રહ્યા હતા ત્યારે જ તેમના પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.એક અહેવાલ અનુસાર એક વ્યક્તિ જયશંકરની ગાડી સામે આવીને તિરંગાને ફાડવા લાગ્યો હતો. વ્યક્તિની આ હરકત જોયા બાદ સુરક્ષાકર્મીઓએ તેને તાત્કાલિક પકડી પાડ્યો હતો અને ગાડીથી દૂર લઈ ગયા. જ્યારે એકબાજુ અમુક ખાલિસ્તાની સમર્થકો પોતાના હાથમાં ખાલિસ્તાનનો ઝંડો લઈને નારેબાજી કરવા લાગ્યા હતા. ઉલ્લેખનીય છે કે જ્યારે સ્વતંત્ર નીતિ સંસ્થાન ચેથમ હાઉસમાં કાશ્મીર મુદ્દે વિદેશમંત્રીને સવાલ કરાયો તો તેમણે કહ્યું કે પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર ખાલી કરવાથી કાશ્મીરના મુદ્દાનો ઉકેલ આવી જશે. કાશ્મીરમાં મોટાભાગના મુદ્દાઓને ઉકેલવા અમારી સરકારે સારું કામ કર્યુંછે. મને લાગેછે કે કલમ ૩૭૦ હટાવવી એ એક સારું પગલું હતું. હવે પાકિસ્તાન અમને કાશ્મીરનો અમારો હિસ્સો પાછો આપી દે તો હું આશ્વાસન આપું છું કે કાશ્મીરના મુદ્દાનો ઉકેલ આવી જશે.

## આપણને પીઓકે મળતાં જ કાશ્મીર વિવાદનો અંત આવશેઃ એસ. જયશંકર

નવીદિલ્હી,તા.૬

વિદેશ મંત્રી એસ જયશંકર હાલમાં કાશ્મીર ખીણના મુદ્દા પર લંડનમાં છે. "વિશ્વમાં ભારતનો ઉદય અને ભૂમિકા" કાર્યક્રમમાં બોલતા, તેમણે કાશ્મીર મુદ્દા પર ભારત સરકારે લીધેલા પગલાં વિશે વાત કરી, જેમાં કલમ ૩૭૦ રદ કરવી, વિકાસ અને આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું અને ચૂંટણી યોજવી શામેલ છે. તેમણે જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં મતદાન વિશે પણ વાત કરી. કાશ્મીર મુદ્દા વિશે પૂછવામાં આવતા, એસ જયશંકરે કહ્યું, 'કાશ્મીર મુદ્દાને લગતા મોટાભાગના મુદ્દાઓને ઉકેલવામાં અમે ખૂબ સારું કામ કર્યું છે. મને લાગે છે કે કલમ ૩૭૦ દૂર કરવી એ આ દિશામાં એક પગલું હતું.તેમણે કહ્યું કે કાશ્મીરમાં વિકાસ, આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક ન્યાય પુનઃસ્થાપિત કરવો એ બીજું પગલું છે અને ચૂંટણીઓ યોજવી અને મોટા પ્રમાણમાં મતદાન સુનિશ્ચિત કરવું એ આ દિશામાં અમારું ત્રીજું પગલું છે. વિદેશ મંત્રીએ કહ્યું કે પાકિસ્તાન દ્વારા પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને જોડવાના નિર્ણયથી કાશ્મીર મુદ્દો સંપૂર્ણપણે ઉકેલાઈ જશે. તેમણે કહ્યું, 'મને લાગે છે કે આપણે જે ભાગની રાહ જોઈ રહ્યા છીએ તે કાશ્મીરના તે ભાગની પરત ફરવાનો છે જે ગેરકાયદેસર પાકિસ્તાની કબજા હેઠળ છે.' જ્યારે આવું થશે, ત્યારે હું તમને ખાતરી આપું છું કે કાશ્મીર મુદ્દો ઉકેલાઈ જશે. અને ભારત ચીન સાથે કેવા પ્રકારના સંબંધો ઈચ્છે છે? આ પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે આપણો ખૂબ જ અનોખો સંબંધ છે. દુનિયામાં આપણે બે જ દેશ છીએ જેની વસ્તી એક અબજથી વધુ છે. અમારા બંનેનો ઈતિહાસ ખૂબ જૂનો છે, જેમાં સમય જતાં ઉતાર-ચઢાવ આવ્યા છે. તેમણે કહ્યું કે આજે બંને દેશો આગળ વધી રહ્યા છે અને આપણે સીધા પડોશી પણ છીએ. પડકાર એ છે કે જેમ જેમ કોઈ દેશ વિકાસ પામે છે તેમ તેમ તેનું વિશ્વ અને તેના પડોશીઓ સાથેનું સંતુલન બદલાય છે.

## લંડનમાં જયશંકરની સુરક્ષામાં ચૂકના મામલે ભારત ભડક્યું

લંડન, તા.૬

વિદેશ મંત્રી એસ જયશંકર બ્રિટન અને આયર્લેન્ડની છ દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. તેમજ તેમણે ગુરુવારે લંડનના થિંક ટેન્ક ચેથમ હાઉસ ખાતે વિશ્વમાં ભારતનો ઉદય અને ભૂમિકા વિષય પર વાત કરી હતી. એવામાં એક એક ખાલિસ્તાની સમર્થક તેમની કારની સામે આવીને ત્રિરંગાનું અપમાન કર્યું હતું.

વિદેશ મંત્રી ચથમ હાઉસ પહોંચે તે પહેલા જ ખાલિસ્તાન સમથર્કો ત્યાં ભારત વિરોધી નારા લગાવી રહ્યા હતા. તેમના હાથમાં ખાલિસ્તાની ઝંડા હતા. કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ જ્યારે વિદેશ મંત્રી જયશંકર પોતાની કાર પાસે આવ્યા ત્યારે તેમની કારની સામે એક વ્યક્તિ આવ્યો હતો. તેણે સૂત્રોચ્ચાર કરતાં ત્રિરંગાને ફાડી નાખ્યો હતો.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

વિદેશ મંત્રાલયે આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે કહ્યું કે, અમે લંડનમાં ઉગ્રવાદીઓના જૂથ દ્વારા કરવામાં આવેલા અપરાધનો વીડિયો જોયો. અમે આ ઘટનાની સખત નિંદા કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે યજમાન સરકાર આવા કિસ્સાઓમાં તેની રાજદ્વારી જવાબદારીઓ પૂર્ણ કરે.વિદેશ મંત્રી જયશંકરની મુલાકાતનો ઉદેશ્ય ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં વેપાર, આરોગ્ય, શિક્ષણ, લોકો વચ્ચેના સંબંધો અને સંરક્ષણ સહયોગનો સમાવેશ થાય છે. યુકેની મુલાકાત પછી, જયશંકર ૬-૭ માર્ચે આયર્લેન્ડની મુલાકાત લેશે, જ્યાં તેઓ આઈરિશ વિદેશ મંત્રી સિમોન હેરિસને મળશે, અન્ય અધિકારીઓ સાથે વાતચીત કરશે અને ભારતીય ડાયસ્પોરાને મળવાના છે.

### સ્ટોરમાં પાર્ટ-ટાઈમ નોકરી કરતો હતો

## અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીની ગોળી મારી હત્યા

વૉશિંગ્ટન, તા.૬

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાની ઘટનાઓ સતત વધતી જઈ રહી છે. તાજેતરની ઘટનામાં તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાંથી અમેરિકા ભણવા ગયેલા એક વિદ્યાર્થીની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. મૃતકની ઓળખ જી.પ્રવીણ (૨૬) તરીકે થઈ છે. પ્રવીણ વિસ્કોન્સિનના મિલ્વોકીમાં એમ.એસ.નો અભ્યાસ કરી રહ્યો હતો અને તે એક સ્ટોરમાં પાર્ટ ટાઈમ નોકરી કરતો હતો.આ ઘટના બુધવારે સવારે બની હતી જેના બાદ અમેરિકાના અધિકારીઓએ પ્રવીણના પરિજનોને તેની જાણકારી આપી હતી. પીડિતના પિતા રાઘવુલુએ કહ્યું કે મને સવારે ૫ વાગ્યે એક વોટ્સએપ કોલ આવ્યો હતો પણ મેં તે ન ઉપાડ્યો. પછી સવારે મેં મિસ્ડ કૉલ જોઈને વોઈસ મેસેજ મોકલ્યો. કલાક વીતી જવા છતાં કોઈ જવાબ ન મળ્યો તો મને ચિંતા થવા લાગી અને પછી મેં મારા દીકરાના મિત્રોને કોલ કર્યો. ત્યારે મને જાણકારી મળી કે મારો દીકરો એક સ્ટોર પર પાર્ટ ટાઈમ નોકરી માટે ગયો હતો અને લૂંટફાટની ઘટના વખતે લૂંટારૂઓએ તેને ગોળી મારી દીધી. જેના કારણે મારા દીકરાનું મોત નીપજ્યું. આ ઉપરાંત પ્રવીણના પિતરાઈ ભાઈ અરુણે જણાવ્યું કે પ્રવીણના મિત્રોએ જાણકારી આપી હતી કે મારા ભાઈને ગોળીઓથી વીંધી નાખવામાં આવ્યો હતો. જોકે અમુક લોકો કહે છે કે પ્રવીણની હત્યા એક સ્ટોરમાં અજાણ્યા હુમલાખોરોએ કરી હતી. અમને અત્યાર સુધી તેના મોતનું સચોટ કારણ જાણવા મળ્યું નથી. અમેરિકાના અધિકારીઓ કહે છે કે પોસ્ટમોર્ટમ બાદ જ અમને સચોટ કારણ જાણવા મળશે. પ્રવીણે હૈદરાબાદમાં બીટેકનો અભ્યાસ કર્યો હતો અને ૨૦૨૩માં એમ.એસ. કરવા અમેરિકા ગયો હતો. પાંચ મહિનામાં ત્રીજી ઘટના અમેરિકામાં તેલંગાણાના વિદ્યાર્થીની આ પહેલી હત્યા નથી. છેલ્લા પાંચ મહિનામાં આ ત્રીજી ઘટના છે. નવેમ્બર ૨૦૨૪માં ખમ્મમ જિલ્લાના એક વિદ્યાર્થી અને જાન્યુઆરી ૨૦૨૫માં હૈદરાબાદના એક વિદ્યાર્થીની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાઓએ અમેરિકામાં અભ્યાસ કરતા અને કામ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

### ભારત સરકાર ન બચાવી શકી

## યુએઈમાં બે ભારતીયોને મૃત્યુદંડ, હત્યાના ગુનામાં દોષિત ઠેરવાયા

નવી દિલ્હી, તા.૬

યુએઈમાં ભારતીય મૂળના બે લોકોને બે જુદી-જુદા હત્યા મામલે મૃત્યુદંડની સજા આપવામાં આવી છે. યુએઈની સર્વોચ્ચ અદાલતે યુએઈમાં રહેતા કેરળના બે ઈમિગ્રન્ટ્સને હત્યા બદલ મૃત્યુદંડ ફટકાર્યો હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું. બંને કેરળના રહેવાસી છે. તેમની ઓળખ મોહમ્મદ રિનાશ અને મુરલીધર પી. વી. તરીકે થઈ છે.

ગુના બદલ આકરી સજા માટે જાણીતા યુએઈમાં મોહમ્મદ રિનાશે એક સ્થાનિક રહેવાસીની હત્યા કરી હતી. જ્યારે બીજા મુરલીધર પી. વી.એ એક ભારતીય મૂળના વ્યક્તિને જ મોતને ઘાટ ઉતાર્યો હતો. યુએઈએ આ અંગે ભારતીય દૂતાવાસને ૨૮ ફેબ્રુઆરીના રોજ માહિતી આપી હતી. ભારતીય દૂતાવાસે બંનેના પરિવારનો સંપર્ક સાધી તેમને આ અંગે માહિતી આપી હતી.

વિદેશ મંત્રાલયે અગાઉ બંનેના કેરળ સ્થિત રહેતા પરિવારનો સંપર્ક સાધી તેમને આશ્વાસન આપ્યું હતું કે, તે આ અંગે જરૂરી તમામ કાયદાકીય સહાય ઉપલબ્ધ કરાવવા તેમજ માફી આપવાની માગ કરતી અપીલ કરી હતી. તેમણે યુએઈની સર્વોચ્ચ અદાલત સમક્ષ તેમને દયા અને ક્ષમા કરવાની અરજી પણ કરી હતી. પરંતુ અદાલત પોતાનો ચુકાદો જાળવી રાખતા તેમને મૃત્યુદંડ આપવા પર અડગ રહી છે. માફીની માગ કરતી અરજી ફગાવી દેવામાં આવી છે. દૂતાવાસ હવે પ્રયાસ કરી રહ્યું છે કે, મૃતકોના પરિવાર તેમના અંતિમ સંસ્કારમાં સામેલ થાય.

ઉત્તરપ્રદેશની શહેઝાદી ખાનને પણ અગાઉ ૧૫ ફેબ્રુઆરીના રોજ અબુધાબીમાં ચાર માસના બાળકની હત્યા બદલ ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. શહેઝાદીના પિતા શબ્બીર ખાને દિલ્હી હાઈકોટર્માં વિદેશ મંત્રાલયને આ મામલે દખલગીરી કરવા તેમજ તેમની દીકરીને બચાવી લેવાની માગ કરતી અરજી કરી હતી.

### કેનેડાએ ટ્રમ્પના ટેરિફ વોર સામે WTOમાં ફરિયાદ કરી

## ટ્રમ્પના ટેરિફ ટાર્ગેટથી ભારતને સાત અબજ ડોલરનું નુકસાન

વોશિંગ્ટન, તા.૬

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કોંગ્રેસના સંયુક્ત સત્રમાં પ્રથમ વક્તવ્ય દરમિયાન પોતાની આકરી ટેરિફ નીતિનો બચાવ કર્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત સહિત વિશ્વના અનેક દેશો અમેરિકાની વસ્તુઓ પર ઊંચા ટેરિફ વસૂલે છે. અમેરિકા હવે જેવા સાથે તેવાની નીતિ અપનાવશે અને સમાન ટેરિફ દરની જોગવાઈમાં ભારતને રાહત અપાશે નહીં. બીજી એપ્રિલથી ભારતને ટેરિફ ટાર્ગેટ બનાવવાના ટ્રમ્પના નિર્ણયથી ઓટોથી માંડી એગ્રીકલ્ચર સુધીના નિકાસ ક્ષેત્રોમાં ગભરાટ ફેલાયો છે. સિટી રિસર્ચના એનાલિસીસ મુજબ, અમેરિકાના આ પગલાથી ભારતને ૭ અબજ ડોલરનું વાર્ષિક નુકસાન થઈ શકે છે. 'અમેરિકા ફર્સ્ટ'ના એજન્ડાનું વારંવાર રટણ કરી રહેલા



ટ્રમ્પે દાવો કર્યો હતો કે, યુરોપીય રાષ્ટ્રો, ચીન, બ્રાઝિલ, ભારત, મેક્સિકો, કેનેડા સહિત અસંખ્ય દેશો આપણા કરતાં વધારે ટેરિફ વસૂલે છે. અન્ય દેશો દાયકાઓથી અમેરિકા પાસેથી ઊંચા ટેરિફ વસૂલે છે અને તે અન્યાય છે. ભારત ૧૦૦ ટકાથી વધારે ઊંચા ઓટો ટેરિફ વસૂલે છે. આ પદ્ધતિ અમેરિકા માટે નુકસાનકારક છે અને તેથી ૨ એપ્રિલથી સમાન ટેરિફનો અમલ થશે. કેનેડા, મેક્સિકો અને ચીન પર ટેરિફ વધારા ઉપરાંત અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર પણ ટેરિફ લાગુ કરી દીધી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન ઓટોમેકર્સને મેક્સિકો અને કેનેડાથી થતી આયાત પરની ટેરિફ પર એક મહિનાની રાહત આપી છે.ટ્રમ્પ તંત્રના આ નિર્ણયને વૈશ્વિક વ્યાપાર માટે નુકસાનકારક ગણાવીને કેનેડાએ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં ફરિયાદ કરી છે. અમેરિકા મનસ્વી રીતે ટેરિફ વસૂલતું હોવાનો દાવો કરી ટેરિફ વધારો પરત ખેંચાવવા માગણી કરી છે. ટ્રમ્પના ટેરિફ ટાર્ગેટમાંથી અત્યાર સુધી ભારત બચતું આવ્યું છે,

### અમારું લક્ષ્ય ઉત્તરાખંડને વિકસિત રાજ્ય બનાવવાનું છેઃ પ્રધાનમંત્રી

## ફિલ્મો અને ડેસ્ટિનેશન વેડિંગ માટે ઉત્તરાખંડ પસંદ કરો, અહીં હવે કોઈ ઑફ સીઝન નથીઃ મોદી

દહેરાદુન,તા.૬

ઉત્તરાખંડના હર્ષિલમાં, પીએમ મોદીએ ગંગા મૈયા અને ભારત માતા કી જય સાથે પોતાના સંબોધનની શરૂઆત કરી. પીએમ મોદીએ કહ્યું કે હું તમને મળીને ધન્ય છું. જાહેર સભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે ઉત્તરાખંડની આ ભૂમિ, આપણી દેવભૂમિ, આધ્યાત્મિક ઉર્જાથી ભરેલી છે. ચાર ધામ અને અનંત તીર્થસ્થાનોથી આશીર્વાદિત જીવનદાતા માતા ગંગાના આ શિયાળાના સ્થળે આવીને મને આનંદ થઈ રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ઉત્તરાખંડમાં કોઈ ઑફ સીઝન નહીં હોય, તેથી લોકોએ ફિલ્મ શૂટિંગ અને ડેસ્ટિનેશન વેડિંગ માટે ઉત્તરાખંડ પસંદ કરવું જોઈએ.

પીએમ મોદીએ માના ગામમાં થોડા દિવસો પહેલા થયેલા અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. આ સંકટની



ઉત્તરાખંડને વિકસિત રાજ્ય બનાવવાનું છે. ઉત્તરાખંડ વિકાસના નવા લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે.અમારી સરકારે આ રાજ્ય માટે ઘણા મોટા નિણર્યો લીધા છે. ડબલ એન્જિન સરકાર સાથે મળીને કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ દરેક ઋતુમાં સફળ રહેશે. તેમણે કહ્યું કે માતા ગંગાએ મને બોલાવ્યો છે. મને લાગે છે કે માતા ગંગાએ મને દત્તક લીધો છે. ફિલ્મના શૂટિંગ માટે ઉત્તરાખંડ સૌથી પ્રિય સ્થળ બની શકે છે.

તેમણે કહ્યું કે દેશવાસીઓને ખબર હશે કે જ્યારે ૧૯૬૨માં ચીને ભારત પર હુમલો કર્યો ત્યારે આપણા આ બે ગામો ખાલી કરાવવામાં આવ્યા હતા. લોકો કદાચ તેમને ભૂલી ગયા હશે, પણ આપણે તેમને ભૂલી શકતા નથી. અમે તે બે ગામોના પુનર્વસન માટે એક ઝુંબેશ શરૂ કરી છે અને અમે તેને એક મુખ્ય પર્યટન સ્થળ બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ.પ્રધાનમંત્રીએ મુખાબા મંદિર અને હર્ષિલ વ્યૂ પોઈન્ટ પરથી ખીણોની પ્રશંસા કરી. આ પછી, પીએમએ હર્ષિલમાં ટ્રેકિંગ અને બાઈક રેલીને લીલી ઝંડી આપી.

પીએમ મોદીએ કહ્યું કે ગઈકાલે જ કેન્દ્રીય મંત્રીમંડળે કેદારનાથ રોપવે પ્રોજેક્ટ અને હેમકુંડ રોપવે પ્રોજેકટને મંજૂરી આપી છે. કેદારનાથ રોપવેના નિર્માણ પછી, જે મુસાફરી પહેલા ૮ થી ૯ કલાકની થતી હતી, તે હવે લગભગ ૩૦ મિનિટમાં પૂર્ણ થશે. આનાથી વૃદ્ધો અને બાળકો માટે કેદારનાથ યાત્રા સરળ બનશે. કન્ટેન્ટ સર્જકો વચ્ચે સ્પર્ધાનું આયોજન કરીને, ઉત્તરાખંડમાં પર્યટનને ઝડપથી પ્રોત્સાહન આપવામાં આવશે.

### મૌલવી ભડક્યાં તો લોકોએ આપ્યું સમર્થન

## શમીનો રમઝાનમાં રોઝો ન રાખી એનર્જી ડ્રિંક પીતો ફોટો વાયરલ

દુબઈ, તા.૬

ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર મોહમ્મદ શમી અંગે ઑલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના અધ્યક્ષ મૌલવી શહાબુદ્દીન રઝવી બરેલ્વીએ એક ટિપ્પણી કરી હતી જેના પર વિવાદ સર્જાર્યો છે. મૌલવીના અનુસાર મોહમ્મદ શમીએ રમત દરમિયાન રોઝો ન રાખી ભૂલ કરી. મૌલવી શહાબુદ્દીન રઝવી બરેલવીએ કહ્યું કે, રોઝા મુસ્લિમો માટે ફર્જ છે. જો કોઈ સ્વસ્થ પુરુષ કે મહિલા રોઝો ન રાખે તો તે એક ગુનેગાર ગણાશે. ભારતની એક પ્રસિદ્ધ ક્રિકેટ હસ્તી મોહમ્મદ શમીએ મેચ દરમિયાન એનર્જી ડ્રિંક પી લીધું. લોકો તેમને જોઈ રહ્યા હતા. જો તે રમી રહ્યા હતા તો તેનો અર્થ એ છે કે તે સ્વસ્થ છે. આવી સ્થિતિમાં તેમણે રોઝો ન રાખ્યો અને પાણી પણ પીધું.



તેનાથી લોકોને ખોટો મેસેજ જાય છે. શમીએ આવું કરવાની જરૂર નહોતી. તે એક ગુનેગાર છે. તેણે ખુદાને જવાબ આપવો પડશે.

નોંધનીય છે કે, ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલ મેચ દરમિયાન શમીનો એનર્જી ડ્રિંક પીતો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ઘણા લોકોએ કહ્યું હતું કે, મોહમ્મદ શમીએ ઉપવાસ ન રાખીને કોઈ ગુનો કર્યો નથી. એક યુઝરે કહ્યું હતું કે, દેશ હંમેશા ધર્મ કરતાં મોટો હોય છે.સોશિયલ મીડિયા પર આ મુદ્દા પર ઘણો હોબાળો થઈ રહ્યો છે.

### યુટ્યુબ દ્વારા ગેરમાર્ગે દોરનારી માહિતી ફેલાવવાનો પ્રયાસ

## બે ભૂતપૂર્વ સૈનિકો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ FIR

નવી દિલ્હી, તા.૬

ભારતીય સેનાએ બે ભૂતપૂર્વ સૈનિકો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ FIR નોંધી છે, જેમાં તેમના પર સેનામાં બળવો ઉશ્કેરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. પહેલી એફઆઈઆર જયપુરમાં અને બીજી લખનૌમાં નોંધાઈ હતી. જે ભૂતપૂર્વ સૈનિકો સામે FIR દાખલ કરવામાં આવી છે તેમના પર યુટ્યુબ ચેનલ દ્વારા સેના વિશે ગેરમાર્ગે દોરનારી માહિતી ફેલાવવા અને સૈનિકોને તેમની ફરજથી વિચલિત કરવા અને સેનામાં બળવો ઉશ્કેરવા સહિતના અનેક આરોપો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર વિવિધ સેના કમાન્ડ સોશિયલ મીડિયા પર આવા ભૂતપૂર્વ સૈનિકો પર સતત નજર રાખી રહ્યા છે જેઓ સેના વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવીને સેનાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. સેના દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે આ ભૂતપૂર્વ સૈનિકો યુટ્યુબ પર પ્રસારિત થઈ રહેલા વીડિયો દ્વારા સૈનિકોનું ધ્યાન તેમની ફરજથી ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેઓ સૈનિકોને નોકરી છોડી દેવા માટે ઉશ્કેરી રહ્યા છે અને તેઓ ઉશ્કેરણી કરીને સેનામાં બળવો ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમની સામે ભારતીય દંડ સંહિતા (BNS) ની કલમ ૧૬૧, ૧૬૩, ૧૬૬ અને ૧૬૮ હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે.

BNS ૧૬૧ લશ્કરી શિસ્ત અને સત્તાનું રક્ષણ કરે છે, જે લશ્કરી શિસ્ત અને સત્તાને નબળી પાડનારાઓને સજા કરે છે. આ કલમ સત્તાવાર ફરજો બજાવતી વખતે સિનિયર અધિકારીઓ પર હુમલો કરવા માટે ઉશ્કેરણી કરવાનો પ્રયાસ કરવા બદલ લાદવામાં આવી છે.

BNS ની કલમ ૧૬૩ ઉપદ્રવ અથવા આશંકિત ભયના કટોકટીના કિસ્સામાં લાગુ કરવામાં આવી છે. સૈનિકોને તેમની ફરજો છોડીને ભાગી જવા માટે ઉશ્કેરવાના આરોપમાં આ આરોપ મૂકવામાં આવ્યો છે. આ એવી કોઈપણ વ્યક્તિને લાગુ પડે છે જે સશસ્ત્ર દળોના સભ્યને પરવાનગી વિના સેવા છોડી દેવા માટે મદદ કરે છે અથવા પ્રોત્સાહિત કરે છે. BNS ૧૬૬ જણાવે છે કે જો કોઈ વ્યક્તિ સૈનિકને આજ્ઞાભંગ માટે ઉશ્કેરે છે, તો તેને બે વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંનેની સજા થશે. આ સાથે લશ્કરી ગણવેશ જેવો ડ્રેસ પહેરવા અને બેજ અથવા મેડલ જેવી ઓફિશિયલ લશ્કરી વસ્તુઓ જેવા ટોકન પ્રદર્શિત કરવા બદલ કલમ ૧૬૮ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

# અર્થવ્યવસ્થામાં મહિલાઓ

નીતિ આયોગના મહિલા ઉદ્યમિતા મંચ, ટ્રાન્સ યુનિયન સિબિલ અને માઈક્રોસેવ કન્સલ્ટિંગના તાજા રિપોર્ટ દેશમાં મહિલાઓની આર્થિક પ્રગતિ અને ક્રેડિટ જાગરુકતામાં ઉલ્લેખનીય વૃદ્ધિને ઉજાગર કરે છે, જે સશક્ત થતી મહિલાઓનું પ્રતીક તો છે જ, તેનાથઈ આર્થિક વૃદ્ધિમાં તેમના વધતા યોગદાનની પણ ઝલક મળે છે. રિપોર્ટનું એમ કહેવું દિલચસ્પ છે કે છેલ્લા પાંચ વષર્મા લોન લેનારી મહિલાઓની સંખ્યા ત્રણ ગણી થઈ છે, પરંતુ તેનાથી પણ વધારે પ્રેરિત કરનારું તથ્ય એ છે કે તેમાંથી ૬૦ ટકા મહિલાઓ અર્ધશહેરી કે ગ્રામીણ ક્ષેત્રોની છે. ઉલ્લેખનીય છે કે મહિલાઓ દેશની અડધી આબાદીનું નિર્માણ કરે છે, તેમ છતાં સકલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં તેમની ભાગીદારી માત્ર ૧૮ ટકા છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ) અનુસાર જો દેશની શ્રમશક્તિમાં મહિલાઓની ભાગીદારી પુરુષોને બરાબર થઈ જાય, તો જીડીપીમાં ૨૭ ટકા સુધીનો વધારો થઈ શકે છે.

છેલ્લા કેટલાક વષોમાં જનધન યોજના, મુદ્રા યોજના અને સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી પહેલોએ મહિલાઓને બેંકિંગ પ્રણાલી સાથે જોડવા અને તેમને સ્વરોજગારના અવસર પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. તે ઉપરાંત, ડિજિટલ ચૂકવણીની પહોંચ વધવાથી પણ નાના શહેરોની મહિલાઓ માટે લોન લેવી અને તેને પ્રબંધિત કરવી આસાન થઈ ગયું છે. તેની પુષ્ટિ નીતિ આયોગના રિપોટથી પણ થાય છે, જે અનુસાર દેશમાં વ્યાવસાયિક ઉદ્દેશ્ય માટે જઈ રહેલી લોનોમાં મહિલાઓની ભાગીદારી ૧૪ ટકા વધી છે. વાત માત્ર લોન લેવાની જ નથી, રિપોર્ટ પરથી એ પણ ખબર પડે છે કે તેઓ નિયમિત રૂપે પોતાના ક્રેડિટ સ્કોર પર પણ નજર રાખી રહી છે. નેશનલ સ્ટોક એક્સચેન્જના થોડા મહિના પહેલાંનો જ રિપોર્ટ દર્શાવે છે કે દેશના શેરબજારમાં રોકાણ કરનારો દર ચોથો રોકાણકાર મહિલા છે. આ સ્થિતિ ન માત્ર મહિલાઓના વધતા આત્મવિશ્વાસને, બલ્કે દેશની અર્થવ્યવસ્થાના બદલાતા સ્વરૂપને પણ પરિલિક્ષત કરે છે. આ એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કે મહિલાઓની

# અમેરિકા બાદ હવે યુકેમાંથી પણ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવામાં આવશે

## ભારતીય રેસ્ટોરન્ટમાં દરોડા પાડવામાં આવ્યા

જલધર,તા.૬

અમેરિકા બાદ હવે યુકેમાંથી પણ દેશનિકાલની તૈયારીઓ ચાલી રહી છે. યુકેની લેબર સરકારે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર મોટા પાયે કાયર્વાહી શરૂ કરી છે. આ ઝુંબેશ ખાસ કરીને ભારતીય રેસ્ટોરાં, નેઈલ બાર, કરિયાણાની દુકાનો અને કાર ધોવા જેવા નાના વ્યવસાયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તાજેતરમાં ૮૨૮ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આમાં ૬૦૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા મોટાભાગના પંજાબી છે, જેઓ અભ્યાસ અથવા પ્રવાસી વિઝા પર યુકે ગયા હતા. વિઝાની મુદત પૂરી થયા પછી તે યુકેમાં ગેરકાયદેસર રીતે રહેતો હતો.

ઉત્તર ઈંગ્લેન્ડના હમ્બરસાઈડમાં એક ભારતીય રેસ્ટોરન્ટમાં દરોડા પાડીને સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી ચારને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. લેબર સરકાર સત્તામાં આવી ત્યારથી લગભગ ૧૯,૦૦૦ વિદેશી ગુનેગારો અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા છે. આમાં પણ મોટાભાગના પંજાબીઓ છે. આ કડક કાયર્વાહીના પરિણામે, ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને નોકરી પર રાખનારા નોકરીદાતાઓ પર ભારે દંડ પણ લાદવામાં આવી રહ્યો છે. ગેરકાયદેસર કમર્ચારીને નોકરી પર રાખવાથી માલિકને ૬૦,૦૦૦ (રૂ. ૬૦ લાખ) સુધીનો દંડ થઈ શકે છે.

યુકેમાં રહેતા કિરપાલ સિંહ કહે છે કે આ પગલું અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કઠિન સ્થળાંતર નીતિ સાથે સુમેળમાં છે, જેમણે તાજેતરમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર મોટા પાયે કાયર્વાહી શરૂ કરી છે.બ્રિટનમાં આ ઝુંબેશ બાદ ભારતીય સમુદાયમાં ચિંતા વધી ગઈ છે. ખાસ કરીને નાના વ્યવસાય માલિકોમાં, જેમને ડર છે કે જો તેમના કમર્ચારીઓમાંથી કોઈ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ હશે તો તેમને ભારે દંડનો સામનો કરવો પડી શકે છે.

ભારતીય પ્રવાસી સમુદાય યુકેમાં સૌથી મોટા જૂથોમાંનો એક છે, જે બંને દેશો સાથે મજબૂત સાંસ્કૃતિક અને આર્થિક સંબંધો ધરાવે છે. યુકેમાં ઘણા ગેરકાયદેસર ભારતીય સ્થળાંતર કરનારાઓ મૂળ વિદ્યાર્થી અથવા વર્ક વિઝા જેવા કાનૂની માધ્યમો દ્વારા આવ્યા હતા પરંતુ પાછળથી વિવિધ વહીવટી અવરોધો, નાણાકીય મુશ્કેલીઓ અથવા યોગ્ય કાનૂની માર્ગદર્શનના અભાવે અનિયમિત સ્થિતિમાં સમાપ્ત થયા.

### ટ્રમ્પની હમાસને લાસ્ટ વૉર્નિંગ!

# બંધકોને તાત્કાલિક છોડો નહીંતર ગાઝાને નર્ક બનાવી દઈશું



વૉશિંગ્ટન, તા.૬

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ મુદ્દે ધડાધડ નિર્ણયો લીધા બાદ હવે ફરી એકવાર ઈઝરાયલ-હમાસ તરફ ધ્યાન આપતાં કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે તાત્કાલિક ધોરણે બંધકોને મુક્ત કરવામાં આવે નહીંતર હમાસનો ખાત્મો નક્કી છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક મેસેજ પોસ્ટ કર્યો હતો અને હમાસને અપીલ કરી હતી કે તમે એક સ્માર્ટ નિર્ણય કરો, બંધકોને અત્યારે છોડી મૂકો નહીંતર ગાઝામાં નર્ક જેવી સ્થિતિ કરી નાખીશું. કહેર વર્તાવીશું. ટ્રમ્પે આ રિએક્શન ત્યારે આપ્યું જ્યારે વ્હાઈટ હાઉસે માહિતી આપી કે અમેરિકાની સરકાર હમાસ સાથે ડાયરેક્ટ વાતચીત કરી રહી છે અને તેમાં પેલેસ્ટાઈનમાં બંધક બનાવીને રાખવામાં આવેલા ઈઝરાયલીઓને મુક્ત કરવા કહેવામાં આવ્યું છે. ટ્રમ્પે હમાસના નેતૃત્વને અપીલ કરી કે તમારે તાત્કાલિક ગાઝાને છોડી દેવો જોઈએ અને ગાઝાના લોકોને મારી અપીલ છે કે એક સોનેરી ભવિષ્ય તેમની વાટ જુએ છે. ટ્રમ્પે પોસ્ટમાં લખ્યું હતું કે 'શલોમ હમાસ જેનો અર્થ છે કે હેલ્લો અને ગુડબાય.. તમે તમારી રીતે પસંદ કરો, તમામ બંધકોને તાત્કાલિક મુક્ત કરો, બાદમાં નહીં. અને હા જે લોકોની તમે હત્યાઓ કરી છે તેમના શબ અત્યારે જ પાછા કરો. નહીંતર તમારી કહાની ખતમ. ફક્ત બીમાર અને મનોરોગી લોકો જ શબને કબજામાં રાખે છે અને તમે લોકો બીમાર અને પાગલ છો...!'ઉલ્લેખનીય છે કે હમાસ સાથે અત્યાર સુધી અમેરિકાએ ક્યારેય સીધી વાતચીત કરી નહોતી. અમેરિકાની સરકારે ૧૯૯૭માં જ હમાસને આતંકી સંગઠન જાહેર કર્યુ હતું. ટ્રમ્પે એમ પણ કહ્યું કે હમાસના કબજામાં ઈઝરાયલી બંધકો મૃત્યુ પામી ગયા હોય તો તેમના શબ સન્માન સાથે ઈઝરાયલને પરત કરી દેવામાં આવે.

# ઓસ્ટ્રેલિયામાં ૫૧ વર્ષનું સૌથી મોટું વાવાઝોડું ત્રાટકશે, ૨૦ હજારથી વધુ ઘરો ડૂબી જવાનો ભય

મેલબોર્ન,તા.૬

ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભયંકર ચક્રવાતની ચેતવણીથી લોકો ગભરાઈ ગયા છે. આ સમયગાળા દરમિયાન, ૨૦ હજારથી વધુ ઘરો ડૂબી જવાની શક્યતા છે. આવી સ્થિતિમાં લાખો લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવામાં આવી રહ્યા છે. આનાથી લાખો લોકો પ્રભાવિત થવાનો ભય છે. લોકોએ જરૂરી ખાદ્ય પદાર્થો એકઠા કરવાનું શરૂ કરી દીધું છે. દેશના ત્રીજા સૌથી વધુ વસ્તી ધરાવતા શહેર બ્રિસ્બેન નજીક ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારા પર ઉષ્ણકટિબંધીય ચક્રવાત ત્રાટકવાની આગાહી પહેલા સ્થાનિક લોકોએ તૈયારીઓ કરી લીધી છે.

ઓસ્ટ્રેલિયામાં ૫૧ વષર્મા આ પહેલું ચક્રવાત હશે જે ત્રાટકશે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોએ પોતાની મિલકતના રક્ષણ માટે રેતીની થેલીઓનો સંગ્રહ કર્યો છે. ચક્રવાત 'આલ્ફ્રેડ' હાલમાં પેસિફિક મહાસાગર પર રચાઈ રહ્યું છે અને બુધવારથી બ્રિસ્બેનની પૂર્વ તરફ આગળ વધવાની ધારણા છે. "આ વિનાશક પવનો છે," એક સ્થાનિક રહેવાસી કોલોપીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે જ્યાં સુધી તે જમીન પર ન પહોંચે ત્યાં સુધી તે આટલો જ મજબૂત રહેશે તેવી અપેક્ષા હતી. ૧૯૭૪માં ગોલ્ડ કોસ્ટ પર ઉષ્ણકટિબંધીય ચક્રવાત "જો" ત્રાટક્યું હતું.

પ્રીમિયર એન્થોની અલ્બેનીઝે જણાવ્યું હતું કે તેમની સરકાર ક્વીન્સલેન્ડ સરકારને ૨૫૦,૦૦૦ રેતીની થેલીઓ પૂરી પાડી રહી છે, જેમાંથી ૮૦,૦૦૦ સેન્ડબોરી લશ્કર દ્વારા પહેલેથી જ પૂરી પાડવામાં આવી છે. "ઉષ્ણકટિબંધીય ચક્રવાત એવા વિસ્તારમાં ત્રાટકવું એ એક દુર્લભ ઘટના છે જે ઉષ્ણકટિબંધીય તરીકે વર્ગીકૃત થયેલ નથી," અલ્બેનીઝે કહ્યું. "તેથી જ આ તૈયારી ખૂબ જ મહત્વપૂર્ણ છે," અલ્બેનીઝે કહ્યું. બ્રિસ્બેનના લોર્ડ મેયર એડ્રિયન શ્રિનરે જણાવ્યું હતું કે એવી આગાહી કરવામાં આવી હતી કે ૩ મિલિયનથી વધુ વસ્તી ધરાવતા તેમના શહેરમાં ૨૦,૦૦૦ ઘરો કોઈક સમયે પૂરનો સામનો કરી શકે છે.

# તાલિબાને તોરખામ બોર્ડર ક્રોસિંગ પર કબજો કરવાનો દાવો કર્યો

કાબુલ,તા.૬

તાલિબાને તોરખામ બોર્ડર પર કબજો કરવાનો દાવો કર્યો છે. તે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે આવેલ એક મહત્વપૂર્ણ બોર્ડર ક્રોસિંગ છે. આ ક્રોસિંગને થોડા અઠવાડિયા પહેલા પાકિસ્તાને બંધ કરી દીધું હતું. ત્યારથી, તાલિબાન અને પાકિસ્તાની સેના વચ્ચે છૂટાછવાઈ અથડામણ ચાલુ હતી, જે સોમવારે વધુ તીવ્ર બની હતી. તાલિબાને દાવો કર્યો છે કે ભારે ગોળીબાર અને જાનહાનિને કારણે પાકિસ્તાની સેનાએ તોરખામ બોર્ડર પોસ્ટ પરથી ભાગવું પડ્યું છે.



એક મીડિયા સંસ્થાને તાલિબાનના ટોચના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે તાજેતરમાં તોરખામમાં પાકિસ્તાનને કારણે તણાવ વધ્યો છે. બે દિવસ પહેલા, ક્રોસિંગ પર પાકિસ્તાની અને અફઘાન દળો વચ્ચે ગોળીબાર થયો હતો, જે અફઘાનિસ્તાન દ્વારા નવી સરહદ ચોકીના નિર્માણના વિવાદને કારણે એક અઠવાડિયાથી વધુ સમય માટે બંધ હતો, એમ તેમણે જણાવ્યું હતું. પહેલા બંને પક્ષોએ હળવા હથિયારોથી એકબીજા પર હુમલો કર્યો, પરંતુ બાદમાં ભારે હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો.

તાલિબાને કથિત રીતે સરહદી ચોકીઓ અને બંકરો જેવી નવી સંરચનાઓનું નિર્માણ કર્યુ છે, જેને પાકિસ્તાને અગાઉના કરારોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. પાકિસ્તાન આ વિસ્તારને પોતાનો માને છે. ગુસ્સે ભરાયેલા પાકિસ્તાની સૈન્યએ પછી ક્રોસિંગ બંધ કરી દીધું, વેપાર અને રોજિંદા જીવનમાં વિક્ષેપ પાડ્યો. આ મડાગાંઠને કારણે, તોરખામ બોર્ડર પર વેપારી પ્રવૃત્તિઓ સ્થગિત કરવામાં આવી છે, સાથે જ ઝીરો પોઈન્ટ પર પાર્ક કરાયેલા નિકાસ વાહનોને પરત મોકલી આવ્યા છે.

તાલિબાને કહ્યું, ''પાકિસ્તાન અમારા પર આતંકવાદીઓને મોકલવાનો ખોટો આરોપ લગાવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ''સરહદ બંધ થવાની આર્થિક અસર પાકિસ્તાન માટે વધુ પીડાદાયક છે અને તેઓ દરરોજ ભારે નુકસાન સહન કરી રહ્યા છે,'' પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સેનાઓ નિયમિતપણે ગોળીબારી કરે છે, જે મોટાભાગે ડુરંટ રેખા પાસે કરાયેલા બાંધકામ અંગેની અસહમતીને કારણે થાય છે. ડુરન્ડ લાઈન એ ૨,૪૦૦ કિલોમીટર (૧,૫૦૦ માઈલ) લાંબી સરહદ છે, જે ૧૮૯૬માં અંગ્રેજો દ્વારા દોરવામાં આવી હતી. જેના પર કાબુલ વિવાદ કરી રહ્યુ છે.

# બબર ખાલસાનો આતંકવાદી મહાકુંભમાં આતંકી કૃત્ય કરવા માંગતો હતોઃ યુપીના ડીજીપી પ્રશાંતકુમાર

લખનૌ,તા.૬

ઉત્તર પ્રદેશ પોલીસ અને પંજાબ પોલીસની એસટીએફએ સંયુક્ત કાયર્વાહીમાં કૌશાંબી જિલ્લામાંથી બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના એક કથિત સક્રિય આતંકવાદીની ધરપકડ કરી છે. આતંકવાદીની ઓળખ શંકાસ્પદ આતંકવાદી લાઝર મસીહ તરીકે થઈ છે, જે પંજાબના અમૃતસરના રામદાસ વિસ્તારના કુર્લિયાન ગામનો રહેવાસી છે. હવે ઉત્તર પ્રદેશના ડીજીપી પ્રશાંત કુમારે આતંકવાદીની ધરપકડ અંગે પ્રેસ કોન્ફરન્સ કરી છે. તેમણે માહિતી આપી છે કે આતંકવાદી લજર તાજેતરમાં પૂર્ણ થયેલા પ્રયાગરાજ મહાકુંભમાં આતંકવાદી ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યો હતો.

ઉત્તર પ્રદેશના ડીજીપી પ્રશાંત કુમારે ધરપકડ કરાયેલા બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ આતંકવાદી લઝાર વિશે ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેમણે જણાવ્યું કે આતંકવાદી લજર પાકિસ્તાનમાં બેઠેલી આઈએસઆઈ સાથે સતત સંપકર્મા હતો. પાકિસ્તાનમાં બેઠેલા કેટલાક હેન્ડલર્સ પણ તેને ડ્રોન દ્વારા સતત દારૂગોળો અને હથિયારો મોકલી રહ્યા હતા.


ઉત્તર પ્રદેશના ડીજીપી પ્રશાંત કુમારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે લજર યુપીના પ્રયાગરાજ જિલ્લામાં આયોજિત મહાકુંભ દરમિયાન એક મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવા માંગતો હતો. આ પછી આતંકવાદી પોર્ટુગલ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, પોલીસની સતકર્તાને કારણે આતંકવાદી કંઈ કરી શક્યો નહીં. મહાકુંભ દરમિયાન, લાઝર યુપીના કૌશાંબી, લખનૌ અને કાનપુરમાં રોકાયા હતા.

ડીજીપી પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે માહિતી મળી હતી કે મહાકુંભ શરૂ થાય તે પહેલાં, કેટલાક લોકો ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ અંતર્ગત, બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને આઈએસઆઈ ના લાઝર મસીહની કૌશાંબીથી ધરપકડ કરવામાં આવી છે.

# સતત બીજા દિવસે રિકવરીઃ સેન્સેક્સ ૬૧૦ પોઈન્ટના વધારા સાથે બંધ

,મુંબઈ,તા.૬

ભારતીય શેરબજારમાં આજે સતત બીજા દિવસે સારી રિકવરી જોવા મળી. ગુરુવારે, બંને મુખ્ય શેરબજાર સૂચકાંકો સારા વધારા સાથે બંધ થયા. આજે બીએસઈ સેન્સેક્સ ૬૦૯.૮૬ પોઈન્ટ (૦.૮૩%) ના વધારા સાથે ૭૪,૩૪૦.૦૯ પોઈન્ટ પર બંધ થયો. તેવી જ રીતે, એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૨૦૭.૪૦ પોઈન્ટ (૦.૯૩%) વધીને ૨૨,૫૪૪.૭૦ પોઈન્ટ પર બંધ થયો. બુધવારે ૭૩,૭૩૦.૨૩ પોઈન્ટ પર બંધ થયેલા સેન્સેક્સે આજે ૭૪,૩૦૮.૩૦ પોઈન્ટની મજબૂત તેજી સાથે વેપાર શરૂ કર્યો હતો, પરંતુ થોડા સમય પછી, બજારમાં અચાનક તીવ્ર ઘટાડો જોવા મળ્યો અને સેન્સેક્સ ૭૩,૪૧૫.૬૮ પોઈન્ટ પર આવી ગયો.



બુધવારે પણ બજાર લીલા નિશાન સાથે ટ્રેડિંગ શરૂ કર્યુ અને મોટા વધારા સાથે બંધ થયું. સતત ૧૦ દિવસ સુધી ઘટાડા સાથે બંધ રહ્યા પછી, બુધવારે બજારે વધારા સાથે કારોબાર પૂર્ણ કર્યો. જે પછી આજે ફરી એકવાર બજારમાં તેજી જોવા મળી અને તે સારા વધારા સાથે બંધ થયું.

ગુરુવારે, સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૨૪ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં અને ૫ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા. જ્યારે એચડીએફસી બેંકના શેર કોઈ ફેરફાર વિના બંધ થયા. બીજી તરફ, નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૩૮ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા હતા અને બાકીની ૧૨ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. આજે, સેન્સેક્સ કંપનીઓમાં, એશિયન પેઈન્ટ્સના શેર સૌથી વધુ ૪.૭૦ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ટેક મહિન્દ્રાના શેર સૌથી વધુ ૨.૩૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા.આ ઉપરાંત, આજે એનટીપીસીના શેર ૩.૪૧ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨.૯૬ ટકા, ટાટા સ્ટીલ ૨.૮૭ ટકા, બજાજ ફિનસર્વ ૨.૩૯ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૨.૨૨ ટકા, સન ફાર્મા ૨.૦૯ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૦૪ ટકા, એક્સિસ બેંક ૧.૮૫ ટકા, ઝ્જી ૧.૪૨ ટકા, ટાઈટન ૧.૩૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૫ ટકા,એચસીએલ ટેક ૦.૭૫ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૦.૬૬ ટકા વધ્યા હતા. જ્યારે કોટક મહિન્દ્રા બેંકના શેરમાં આજે ૨.૩૧ ટકા, ઝોમેટો ૦.૬૨ ટકા, ટાટા મોટર્સ ૦.૧૯ ટકા અને ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૦.૦૭ ટકાનો ઘટાડો થયો હતો.

# તાલિબાન હુમલા બાદ પહેલીવાર મલાલા યુસુફઝઈ પોતાના વતન પહોંચી, પરિવારને મળી

ઈસ્લામાબાદ,તા.૬

પાકિસ્તાનની પ્રથમ નોબેલ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝાઈએ બુધવારે ખૈબર પખ્તુનખ્વાની મુલાકાત લીધી. તાલિબાન હુમલા પછી આ તેમના વતનની પહેલી મુલાકાત હતી. તે તેના પરિવારના સભ્યોને મળ્યો.

મલાલા હેલિકોપ્ટર દ્વારા ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના શાંગલા જિલ્લાના બરકાના પહોંચી, જ્યાં તે તેના કાકા રમઝાનને મળી, જેમની તાજેતરમાં હૃદયની સમસ્યા બાદ ઈસ્લામાબાદમાં સર્જરી થઈ હતી. મલાલાએ તેના પૂર્વજોની કબરોની પણ મુલાકાત લીધી. સ્થાનિક પોલીસ સ્ટેશનના વડા અમજદ આલમ ખાને જણાવ્યું હતું કે મલાલા સાથે તેના પિતા ઝિયાઉદ્દીન યુસુફઝાઈ અને પતિ આસીર મલિક પણ હતા. અસીર મલિક અને મલાલાના લગ્ન ૨૦૨૧ માં થયા હતા.

આલમ ખાને કહ્યું કે મલાલાએ ૨૦૧૮ માં બરકાનામાં બનેલી શાળા અને કોલેજની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેણે લગભગ એક હજાર છોકરીઓને મફત શિક્ષણ આપ્યું હતું. આ વિસ્તારમાં એક પણ સરકારી શાળા નહોતી. તેમણે કહ્યું કે મલાલાએ વિદ્યાથીર્ઓને મળ્યા, વર્ગોનું નિરીક્ષણ કર્યું અને વિદ્યાથીર્ઓને અભ્યાસ કરવા અને તેમનું ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માટે પ્રેરિત કર્યા. મલાલા ફંડ કોલેજમાં મફત ઉચ્ચ-ગુણવત્તાવાળું શિક્ષણ સુનિશ્ચિત કરશે.મલાલાએ તેના નાના-નાનીના ઘરે પણ મુલાકાત લીધી. આ દરમિયાન, 'ઝિંદગી' ટ્રસ્ટ હેઠળ શાંગલા ગર્લ્સ સ્કૂલ અને કોલેજ ચલાવતા શહઝાદ રોય પણ ત્યાં હાજર હતા. તેમણે મલાલાએ પૂરી પાડતી સુવિધાઓ વિશે માહિતી આપી. મલાલા તેની ટૂંકી મુલાકાત પછી ઈસ્લામાબાદ પાછી ફરી.

તાલિબાન હુમલા પછી તેમણે ૨૦૧૮ માં પાકિસ્તાનની પહેલી મુલાકાત લીધી હતી. આ પછી, ૨૦૨૨ માં, તેમણે પાકિસ્તાનની મુલાકાત લીધી અને પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી અને પીડિતોને મળ્યા. તેણીએ આ વર્ષે જાન્યુઆરીમાં ઈસ્લામાબાદમાં આયોજિત એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં પણ હાજરી આપી હતી, જે મુસ્લિમ સમુદાયમાં છોકરીઓના શિક્ષણ પર કેન્દ્રિત હતી.

## સુડોકુ નં. ૧૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | | | | | 7 |
| | | 4 | 9 | 1 | 3 | 5 | | |
| 6 | | 3 | | | | 2 | | 1 |
| | 8 | | 7 | | 5 | · | 9 | |
| | | | | 8 | | | | |
| | 6 | | 3 | | 4 | | 1 | |
| 3 | | 6 | | | | 1 | | 9 |
| | | 5 | 1 | 4 | 8 | 6 | | |
| 2 | | | | | | | | 5 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૮૫ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 2 | 4 | 6 | 5 | 1 | 7 | 8 |
| 5 | 8 | 1 | 2 | 3 | 7 | 6 | 9 | 4 |
| 4 | 6 | 7 | 8 | 9 | 1 | 5 | 2 | 3 |
| 7 | 1 | 3 | 6 | 5 | 4 | 9 | 8 | 2 |
| 2 | 9 | 5 | 1 | 8 | 3 | 7 | 4 | 6 |
| 8 | 4 | 6 | 7 | 2 | 9 | 3 | 5 | 1 |
| 6 | 5 | 8 | 9 | 1 | 2 | 4 | 3 | 7 |
| 1 | 7 | 9 | 3 | 4 | 8 | 2 | 6 | 5 |
| 3 | 2 | 4 | 5 | 7 | 6 | 8 | 1 | 9 |

# આપની આજ...

મેષઃ આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે. વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વ્યસ્તતાને લીધે પરિવારની અવગણના કરવી પડી શકે છે.

વૃષભઃ આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. કાર્યસ્થળ પર વધારે કામના ભારણથી થાક રહી શકે છે.

મિથુનઃ જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ. તમારે કામ માટે વધુ દોડવું પડી શકે છે. ધંધામાં પૈસાના આગમનને કારણે થાક ભૂલી જશો.

કર્કઃ આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઈનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે. કાયર્મા પણ આજનો દિવસ સામાન્ય રહેશે. નફો મેળવવા માટે તમારે વધુ મહેનત કરવી પડી શકે છે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે.

કન્યાઃ કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો. સારા ખોરાક અને વાહનથી આનંદ મળશે. જાહેર જીવન સારું રહેશે.

તુલાઃ આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે. વધુ ખર્ચાને કારણે પૈસા સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા રહેશે ત્યાંથી નિરાશા મળશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે.

ધનઃ આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો.

મકરઃ આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો. જૂના રોગમાં સુધારણાથી રાહત મળશે.

કુંભઃ કાયર્મા ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે. ઘર અને બહાર મુશ્કેલી મુક્ત વાતાવરણ બનાવવામાં રાહત મળશે

મીનઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. તમારું સામાજિક વર્તન સારુ રહેશે અને દિવસના પહેલા ભાગમાં તમારા બધા કામ સરળતાથી થઈ જશે પરંતુ તમારે લાભ માટે રાહ જોવી પડી શકે છે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.

# પેન્શન યોજના લાગુ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારને નોટિસ ફટકારી

નવીદિલ્હી,તા.૬

સુપ્રીમ કોર્ટે પંજાબના મુખ્ય સચિવ કેએપી સિંહાને અવમાનના નોટિસ ફટકારી છે. રાજ્યમાં ત્રણ દાયકા જૂની પેન્શન યોજનાના અમલીકરણ અંગે તેમને આ નોટિસ મોકલવામાં આવી છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ અભય એસ. ઓકા અને જસ્ટિસ એન. કોટિશવર સિંહની બેન્ચે મુખ્ય સચિવને પૂછ્યું કે તેમની સામે અવમાનનાની કાયર્વાહી કેમ શરૂ ન કરવી જોઈએ. એવું પણ કહેવામાં આવ્યું હતું કે કોર્ટને ગેરમાર્ગે દોરી શકાય નહીં.

સુનાવણી દરમિયાન, બેન્ચે કહ્યું કે હાઈકોર્ટને વારંવાર ખાતરી આપવા છતાં, રાજ્ય સરકારે આદેશનું પાલન કર્યું નથી. તેથી અમે પંજાબના મુખ્ય સચિવ કે.એ.પી.ને પત્ર લખ્યો છે. સિંહાને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં તેમને પૂછવામાં આવ્યું છે કે તેમની સામે કોટર્ના તિરસ્કાર અધિનિયમ, ૧૯૭૧ (દિવાની અને ફોજદારી બંને) હેઠળ કાયર્વાહી કેમ ન કરવી જોઈએ.

બેન્ચે કહ્યું કે જો અધિકારીને લાગે કે કોઈ અન્ય અધિકારી દોષિત છે, તો તે જવાબદાર અધિકારીઓના નામ અથવા અન્ય વિગતો આપતું સોગંદનામું દાખલ કરવા માટે સ્વતંત્ર છે જેથી કોર્ટ કાયર્વાહી શરૂ કરી શકે. આ મામલે આગામી સુનાવણી આ મહિને ૨૪ માર્ચે થશે.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# પ્રદેશ ભાજપ દ્વારા જીલ્લા મહાનગરોના પ્રમુખોની યાદી જાહેર

## રાજકોટ જીલ્લા પ્રમુખપદે અલ્પેશ ઢોલરીયા શહેર પ્રમુખપદે મેહુલ દવેની નિયુક્તિ જાહેર થઈ












રાજકોટ, તા.૬

પ્રદેશ ભાજપ દ્વારા રાજ્યના તમામ જીલ્લા તેમજ મહાનગરોના હોદેદારો પ્રમુખોની વરણી અંગે ચાલી રહેલ કવાયત પૂર્ણ થતા આજે પક્ષ થતા આજે પક્ષ દ્વારા સત્તાવાર રીતે જીલ્લા અને મહાનગરોના પ્રમુખોની નિયુકિત જાહેર કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ જીલ્લા પ્રમુખપદે અલ્પેશ ઢોલરીયા, દેવભૂમિ દ્વારકા જીલ્લા પ્રમુખ મયુર ગઢવી, બોટાદ જીલ્લા અને સુરેન્દ્રનગર જીલ્લાના પ્રમુખોને પુનઃ પસંદ કરી નવી ટર્મ માટે નિયુક્તિ કરવામાં આવેલ છે. જયારે રાજકોટ શહેર એકમના પ્રમુખપદે શિક્ષીત-યુવા અને વર્ષોથી પક્ષના સંગઠનમાં સક્રિય રહેલા ડો.માધવ દવેને નિયુકિત કરાયેલ છે.

પ્રદેશ ભાજપ દ્વારા કરવામાં આવેલ સત્તાવાર જાહેરાતો અનુસાર રાજકોટ જીલ્લામાં અલ્પેશ ઢોલરીયાની પુનઃપસંદગી કરાયેલ છે. રાજકોટ શહેર પ્રમુખપદે ડો.મેહુલ દવે, જુનાગઢ જીલ્લા પ્રમુખપદે ચંદુ મકવાણા, જૂનાગઢ શહેર પ્રમુખપદે ગૌરવ રૂપારેલીયા, ભાવનગર જીલ્લા પ્રમુખપદે દિગ્વિજયસિંહ એ.ગોહિલ, ભાવનગર શહેર પ્રમુખપદે કુમાર શાહ, જામનગર જીલ્લા પ્રમુખપદે વિનોદ ભંડેરી, જામનગર શહેર પ્રમુખપદે મહિલા અગ્રણી પૂર્વ મેયર બીના કોઠારીની નિયુકિત જાહેર કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્રના અન્ય જીલ્લાઓ તેમજ કચ્છ જીલ્લા પ્રમુખની નિયુકિતમાં અમરેલી જીલ્લામાં અતુલ કાનાણી, કચ્છ જીલ્લામાં વર્તમાન જીલ્લા અધ્યક્ષ દેવજી વરચંદને પુનઃ નિયુકત કરાયેલ છે. મોરબી જીલ્લાના પ્રમુખપદે જયંતિ રાજકોટીયા, દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મયુર ગઢવીની પુનઃ નિયુકિત, ગીરસોમનાથ જીલ્લામાં ડો.સંજય પરમાર, બોટાદમાં વર્તમાન પ્રમુખ મયુર પટેલને પુનઃ નિયુકિત અપાયેલ છે. સુરેન્દ્રનગર જીલ્લા પ્રમુખ હિતેન્દ્રસિંહને પણ રીપીટ કરાયેલ છે.

પ્રદેશ ભાજપના પ્રમુખ તેમજ આગેવાનો દ્વારા લાંબી ચર્ચા-વિચારણા અને બેઠકો બાદ જીલ્લા અને મહાનગરોના પ્રમુખોની પસંદગીની જાહેરાત કરવામાં આવતા પ્રદેશ નેતાગીરી દ્વારા નવનિયુકત કરાયેલ પ્રમુખોમાં જુના કસાયેલા પક્ષના સંનિષ્ઠ અને વર્ષોથી જોડાયેલા આગેવાનો ઉપરાંત યુવા, શિક્ષીત એક મહિલા (પૂર્વ મેયર)ને પ્રમુખપદે પસંદ કરાયા છે.સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત પ્રદેશ ભાજપ દ્વારા ઉત્તર, દક્ષિણ અને મધ્યગુજરાતના જીલ્લા તેમજ મહાનગરના પ્રમુખોની યાદી જાહેર કરવામાં આવેલ છે. સત્તાવાર યાદી અનુસાર વડોદરા, ખેડા, પંચમહાલ અને પોરબંદર જીલ્લા પ્રમુખની તેમજ ગાંધીનગર શહેર પ્રમુખની નિમણુંક હવે પછી ગમે તે ઘડીએ જાહેર થવાની શકયતાઓ પક્ષના રાજકીય વર્તુળો વ્યકત કરી રહેલ છે. બાકી રહેતા શહેર જીલ્લા પ્રમુખોની નિયુકિતમાં એક કરતા વધુ પ્રમુખ દાવેદાર હોવાથી નિયુક્તિમાં થઈ રહયાની ચર્ચાએ જોર પકડેલ છે.

# અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં હોળી મિલન કાર્યક્રમ માટે પરવાનગી ન મળતા વિવાદ

અલીગઢ,તા.૬

ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાં સ્થિત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં હોળી મિલન કાર્યક્રમ માટે પરવાનગી ન મળવાને કારણે વિવાદ ઉભો થયો છે. યુનિવર્સિટી કેમ્પસમાં રહેતા હિન્દુ વિદ્યાર્થીઓએ ૯ માર્ચે એએમયુ ક્લબમાં હોળી મિલન કાર્યક્રમ યોજવાની પરવાનગી માંગી હતી, જેને યુનિવર્સિટી વહીવટીતંત્રે મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો હતો. એએમયુએ કહ્યું કે તેઓ કેમ્પસમાં કોઈ નવી પરંપરા શરૂ કરવાની મંજૂરી આપી શકતા નથી અને વિદ્યાર્થીઓ દર વર્ષે જે રીતે હોળી ઉજવવામાં આવે છે તે જ રીતે હોળી ઉજવી શકે છે. એએમયુ પ્રશાસને કહ્યું કે આ માટે કોઈ અલગ પરવાનગીની જરૂર નથી.

યુનિવર્સિટી પ્રશાસનના નિર્ણય પર રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. ભાજપના નેતા અને ભૂતપૂર્વ મેયર શકુંતલા ભારતીએ કહ્યું કે જો એએમયુમાં હોળીના કાર્યક્રમોને મંજૂરી આપવામાં નહીં આવે, તો ઈદ પણ ઉજવવામાં આવશે નહીં. તમને જણાવી દઈએ કે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓએ ૨૫ ફેબ્રુઆરીના રોજ કુલપતિને એક અરજી આપી હતી જેમાં તેમણે ૯ માર્ચે યુનિવર્સિટીના દ્રઈજીઝ ક્લબમાં હોળી મિલન સમારોહનું આયોજન કરવાની પરવાનગી માંગી હતી. કુલપતિએ આ અંગે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી જેમાં ઘણા ડીન અને પ્રોફેસરો હાજર રહ્યા હતા. બેઠક પછી, છરેંવહીવટીતંત્રે આ માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો.

એએમયુના વિદ્યાર્થી અખિલ કૌશલે યુનિવર્સિટી પ્રશાસનના નિર્ણય પર સવાલ ઉઠાવતા કહ્યું, "એએમયુમાં, દરેક હોસ્ટેલ અને વિભાગમાં ઈફતાર પાટીઓનું આયોજન કરવામાં આવે છે. અમે ફક્ત એક જ વાર હોળી મિલન સમારોહ માટે પરવાનગી માંગી છે. ઘણા લોકોને તેની સાથે પણ સમસ્યા હોય છે. એએમયુમાં ઈદના જુલુસ, મોહરમ જુલુસ અને ચેહલુમ જુલુસનું આયોજન કરવામાં આવે છે.'' દરમિયાન, એએમયુના પ્રોક્ટર પ્રોફેસર મોહમ્મદ વસીમ અલીએ જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીઓએ એક ખાસ કાર્યક્રમ માટે પરવાનગી માંગી હતી અને યુનિવર્સિટીમાં આવા કાર્યક્રમ માટે ક્યારેય પરવાનગી આપવામાં આવી ન હોવાથી, યુનિવર્સિટીએ તેનો દરજ્જો જાળવી રાખ્યો છે. છોકરાઓ હંમેશા યુનિવર્સિટીમાં હોળી રમતા આવ્યા છે અને આગળ પણ રમતા રહેશે.

### સુપ્રીમ કોટનો ચુકાદો

# લાંબો સમય લિવ ઈન રિલેશનમાં રહીને દુષ્કમનો આરોપ ન મૂકી શકાય

નવી દિલ્હી, તા.૬

લાંબા સમય સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યા બાદ મહિલા તેના પાર્ટનર પર બળાત્કારનો આરોપ લગાવી શકશે નહીં. હાલમાં જ સુપ્રીમ કોર્ટે રેપ કેસમાં આ ચુકાદો આપ્યો છે. ખાસ વાત એ છે કે બંને એક દાયકા કરતાં પણ વધુ સમયથી સાથે રહેતા હતા. કોર્ટે આ આરોપોને સંબંધોમાં ખટાશનો મામલો ગણાવ્યો છે. મહિલાના લિવ-ઈન પાર્ટનરને ફોજદારી કાયર્વાહીમાંથી રાહત આપવામાં આવી છે.

સુપ્રીમ કોટર્ના જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે આ અરજી પર સુનાવણી કરતાં જણાવ્યું કે, આવા સંજોગોમાં એ સ્પષ્ટ ન કરી શકાય કે લગ્નના વચનના આધારે જ શારીરિક સંબંધ બનાવવામાં આવ્યા હતા. મહિલાનો આરોપ છે કે તેણે લગ્નના વચનના આધારે કથિત આરોપી બેન્ક ઓફિસર સાથે ૧૬ વર્ષ સુધી સંબંધો નિભાવ્યા હતા. બંને ૧૬ વર્ષ સુધી લિવ-ઈનમાં સાથે રહ્યા હતાં.

ફરિયાદી મહિલા વ્યવસાયે લેક્ચરર છે. કોર્ટે તેમની અરજી સ્વીકારવાનો ઈક્રાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, બંને ભણેલા-ગણેલા હતા અને સંબંધો સહમતિ સાથે હતા. બંને અલગ-અલગ શહેરોમાં રહેતા હોવા છતાં બંને એકબીજાના ઘરે આવતા-જતા હતા. કોર્ટે કહ્યું કે આ સ્પષ્ટપણે સંબંધોમાં તિરાડનો મામલો છે.

બેન્ચે કહ્યું કે, 'એ માનવું મુશ્કેલ છે કે ફરિયાદી લગભગ ૧૬ વષથી કથિત આરોપીની દરેક માંગ સામે ઝૂકી રહી છે અને તેણે વિરોધ કર્યા વિના સંબંધો બાંધ્યા છે. ફરિયાદીએ લગ્નના ખોટા વચનના આધારે તેનું યૌન શોષણ થયુ હોવાનો દાવો કર્યો છે. આ વાત હજમ થવી મુશ્કેલ છે. ૧૬ વષર્નો લાંબો સમયગાળો, જે દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધ કોઈપણ વિરોધ વિના ચાલુ રહ્યો છે. જેના પરથી તારણ કાઢી શકાય કે, બંનેના સંબંધમાં ક્યારેય કોઈ બળજબરી કે છેતરપિંડી થઈ નથી. કોર્ટે વધુમાં કહ્યું હતું કે જો આ વાતને સ્વીકારીએ કે, લગ્નના કથિત વચનની આડમાં યૌન શોષણ થયુ હતું, તો પણ તેઓ આટલા લાંબા સમયનો સંબંધ તેમના દાવા નબળા પાડે છે.

### મદ્રાસ હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

# નશામાં સર્જેલા અકસ્માતમાં થયેલા મોતનું વળતર વીમા કંપનીએ આપવું પડે

ચેન્નાઈ, તા.૬

મદ્રાસ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ ચુકાદા મુજબ જો કોઈ વાહનનો ડ્રાઈવર દારુના નશામાં હોય અને તેનાથી કોઈ અકસ્માત સર્જાય તો ત્યારે પણ વીમા કંપનીએ મૃતકના પરિવારને વળતર આપવું પડશે. જોકે, પાછળથી વીમા કંપની આ રકમ વાહન માલિક પાસેથી વસૂલી શકશે. મદ્રાસ હાઈકોર્ટે કહ્યું કે, વીમા કંપનીએ પહેલા વળતર જમા કરાવવું પડશે અને ત્યાર પછી એ વળતરની રકમ વાહન માલિક પાસેથી કાયદાકીય પ્રક્રિયા દ્વારા વસૂલી શકશે.ચેન્નાઈના તિરુનીરમલાઈ મેઈન રોડ પર રાજસેકરન નામનો વ્યક્તિ ચાલતો જઈ રહ્યો હતો, ત્યારે એક વાહને તેને ટક્કર મારી હતી, જેમાં તેનું મોત થયું હતું. મૃતક પરિવારે ૬૫ લાખનુંવળતર માંગ્યું હતું, પરંતુ એમએસીટીએ રૂપિયા ૨૭.૬૫ લાખનુંવળતર નક્કી કર્યું અને વીમા કંપનીને જવાબદારીમાંથી મુક્ત કરી હતી, કારણ કે દુર્ઘટના સમયે વાહનનો ડ્રાઈવર દારુના નશામાં હતો.

### કરોડપતિઓની સંખ્યા ૨૦૨૮ સુધીમાં વધીને ૯૩,૭૫૩ થવાની ધારણા

# ભારતમાં વધી રહ્યા છે અબજોપતિ, ૧૯૧ પર પહોંચી અબજોપતિઓની સંખ્યા

નવી દિલ્હી, તા.૬

ભારતમાં ૨૦૨૪માં કરોડપતિઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રોપર્ટી કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્કના જણાવ્યા અનુસાર ગયા વર્ષે ૧૦ મિલિયન ડોલરથી વધુ સંપત્તિ ધરાવતા ભારતીય હાઈ-નેટ-વર્થ વ્યક્તિઓની સંખ્યા ૬ ટકા વધીને ૮૫૬૯૮ થઈ ગઈ છે. નાઈટ ફ્રેન્કે બુધવારે તેનો 'ધ વેલ્થ રિપોર્ટ ૨૦૨૫' બહાર પાડ્યો હતો, જેમાં ભારતમાં કરોડપતિઓની વધતી સંખ્યાની માહિતી અપાઈ હતી. નાઈટ ફ્રેન્કનો એવો પણ અંદાજ છે કે આ સંખ્યા ૨૦૨૮ સુધીમાં વધીને ૯૩,૭૫૩ થવાની ધારણા છે, જે ભારતના વિકસતા સંપત્તિના પરિદૃશ્યને પ્રતિબિંબિત કરે છે.ભારતીય અબજોપતિઓની સંયુક્ત સંપત્તિ ૯૫૦ અબજ યુએસ ડોલર હોવાનો અંદાજ છે, જે યુએસ (૫.૭ ટ્રિલિયન યુએસ ડોલર) અને મેઈનલેન્ડ ચીન (૧.૩૪ ટ્રિલિયન યુએસ ડોલર) પછી વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે. નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે જણાવ્યું હતું કે ભારતની વધતી સંપત્તિ તેની આર્થિક સ્થિતિસ્થાપકતા અને લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાને રેખાંકિત કરે છે. ઉદ્યોગસાહસિક ગતિશીલતા, વૈશ્વિક એકીકરણ અને ઉભરતા ઉદ્યોગોને કારણે દેશમાં હાઈ-નેટ-વર્થ ધરાવતા વ્યક્તિઓમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી રહી છે.બૈજલે જણાવ્યું હતું કે આ વિસ્તરણ ફક્ત સ્કેલમાં જ નહીં પરંતુ ભારતના ઉચ્ચ વર્ગના લોકોની ઉભરતી રોકાણ પસંદગીઓમાં પણ છે, જેઓ રિયલ એસ્ટેટથી લઈને વૈશ્વિક ઈક્વિટી સુધીના એસેટ વર્ગોમાં વૈવિધ્યીકરણ કરી રહ્યા છે. બૈજલે ઉમેર્યું હતું કે, આગામી દાયકામાં વૈશ્વિક સંપત્તિ નિર્માણમાં ભારતનોપ્રભાવ વધુ મજબૂત બનશે. અહેવાલ મુજબ, ભારતીય હાઈ-નેટ-વર્થ વ્યક્તિગત વસ્તીનો વધતો ટ્રેન્ડ દેશના મજબૂત લાંબા ગાળાના આર્થિક વિકાસ, વધતી જતી રોકાણ તકો અને વિકસતા વૈભવી બજારને પ્રકાશિત કરે છે, જે ભારતને વૈશ્વિક સંપત્તિ નિર્માણમાં મુખ્ય ખેલાડી તરીકે સ્થાપિત કરે છે. ૨૦૨૪માં ભારતની અબજોપતિઓની વસ્તીમાં પણ વાર્ષિક ધોરણે મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. કન્સલ્ટન્સી ફર્મે જણાવ્યું હતું કે ભારતમાં હવે ૧૯૧ અબજોપતિઓ છે, જેમાંથી ગયા વર્ષે જ ૨૬ અબજોપતિઓ આ શ્રેણીમાં જોડાયા હતા. ૨૦૧૯માં આ સંખ્યા ફક્ત ૭ હતી.

# જો આજે ઔરંગઝેબ અહીં હોત તો સરકારે તેને ફાંસી આપી હોતઃ જેડીયુ ધારાસભ્ય ડૉ. સંજીવ

### જે કોઈ ઔરંગઝેબના વખાણ કરી રહ્યું છે તે દેશદ્રોહી છે, પછી ભલે તે કોઈપણ પક્ષનો હોય

પટણા,તા.૬

ઔરંગઝેબને લઈને બિહારમાં પણ રાજકારણ ગરમાયું છે. જેડીયુ ધારાસભ્યએ તો ત્યાં સુધી કહ્યું કે જો તેઓ આજે અહીં હોત તો સરકારે તેમને મૃત્યુદંડની સજા ફટકારી હોત. પટનામાં મીડિયા સાથે વાત કરતા, જદયુ ધારાસભ્ય ડૉ. સંજીવે કહ્યું કે જે કોઈ ઔરંગઝેબના વખાણ કરી રહ્યું છે તે દેશદ્રોહી છે, પછી ભલે તે કોઈપણ પક્ષનો હોય. અમે ગવથી કહીએ છીએ કે અમે સનાતની છીએ.

જેડીયુના ધારાસભ્ય ડૉ. સંજીવનએ કહ્યું કે 'હું બધા ધર્મોનું સન્માન કરું છું, પણ ઔરંગઝેબનું સન્માન કરી શકતો નથી.' તેણે બધા મંદિરો તોડી પાડ્યા. કેટલા લોકોને ધર્મ પરિવર્તન કરવાની ફરજ પાડવામાં આવી? શીખ ધાર્મિક નેતાના પુત્રોની હત્યા કરાવી. આજના સમયમાં, સરકારે તેને ફાંસી આપી હોત. જો કોઈ આના વખાણ કરે તો તે દુઃખદ છે. જે કોઈ વખાણ કરે તેને પાકિસ્તાન કે બાંગ્લાદેશ મોકલી દેવો જોઈએ.

આરજેડી ધારાસભ્ય અખ્તરુલ ઈમાન શાહીને ઔરંગઝેબ વિશે કહ્યું કે ઘણા ઈતિહાસકારોએ તેમને પ્રામાણિક કહ્યા છે જ્યારે ઘણાએ ઔરંગઝેબને ક્રૂર કહ્યા છે. આપણે ઈતિહાસના વિદ્યાર્થીઓ નથી કે આ કહી શકીએ. આપણે તેમની પ્રશંસા કે ટીકા નથી કરતા, આપણે ફક્ત વતર્માન જોઈ રહ્યા છીએ. ભાજપના લોકો હંમેશા વિવાદાસ્પદ મુદ્દાઓ ઉઠાવે છે, મૂળ સમસ્યાની ચર્ચા થતી નથી.

આરજેડી ધારાસભ્ય વીરેન્દ્રએ કહ્યું કે ઔરંગઝેબ મુદ્દે ભાજપ પાસે બીજું કોઈ કામ નથી. જ્યારે દેશનો સ્વતંત્રતા સંગ્રામ ચાલી રહ્યો હતો, ત્યારે હિન્દુઓ, મુસ્લિમો, શીખો અને ખ્રિસ્તીઓએ બલિદાન આપ્યું. તેને કોઈ ચોક્કસ ધમર્ના લોકો વિરુદ્ધ બોલવાની આદત છે. આ લોકો ભારતીય ન હોઈ શકે. તેઓ સનાતન-સનાતન કહેતા રહે છે, પણ આપણે ખરા સનાતની છીએ.

ઉલ્લેખનીય છે કે સમાજવાદી પાર્ટીના નેતા અને ધારાસભ્ય અબુ આઝમીને ઔરંગઝેબના વખાણ કરવા બદલ મહારાષ્ટ્ર વિધાનસભાના વતર્માન સત્રમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જદયુ એમએલસી ખાલિદ અનવરે બુધવારે અબુ આઝમીના સસ્પેન્શનને ખોટું ગણાવ્યું. અબુ આઝમી દ્વારા ઔરંગઝેબને મહાન શાસક કહેવા પર, ખાલિદ અનવરે કહ્યું હતું કે આ એવી ચર્ચા નથી જેના માટે ફ્લોર પર રાજકારણ કરવું જોઈએ. મને આશ્ચર્ય થાય છે કે કેટલાક ઈતિહાસકારોએ ઔરંગઝેબને ખૂબ જ સારા શાસક તરીકે વર્ણવ્યા છે. કેટલાક લોકો તેને ક્રૂર શાસક કહે છે. આ બધી બાબતો એવી નથી કે તેની ચર્ચા ફ્લોર પર થઈ શકે. તેમણે આગળ કહ્યું કે મારા મતે ઔરંગઝેબ એક સારો રાજા હતો, જે પોતાની રીતે શાસન કરતો હતો. ઔરંગઝેબને સારો રાજા કહેવા બદલ કોઈને સસ્પેન્ડ કરવામાં આવશે. લોકશાહી માટે આ યોગ્ય બાબત નથી.

# રાહુલ ગાંધી શનિવારથી ૨ દિવસ ગુજરાતની મુલાકાતે

## રાજ્યના કોંગ્રેસી આગેવાનો તેમજ કાર્યકરો સાથે મુલાકાત બાદ સંગઠન અંગેની ચર્ચા કરશે



રાજકોટ, તા.૬

સંસદ(લોકસભા)ના વિપક્ષી નેતા અને અખિલ ભારતીય કોંગ્રેસ પક્ષના અગ્રણી રાહુલ ગાંધી શનિવાર તા.૮ થી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહેલ છે. તેઓ તા.૮ ના રોજ રાજપથ કલબ નજીક પ્રદેશ કોંગ્રેસના તમામ આગેવાનો સાથે મુલાકાત કરી રાજ્યમાં કોંગ્રેસના સંગઠન ત્થા વિપક્ષ તરીકેના દેખાવને વધુ મજબૂત બનાવવા વિસ્તૃત ચર્ચા વિચારણા કરશે. ઉપરાંત આગામી સમયમાં ગુજરાતમાં અખિલ ભારતીય કોંગ્રેસ પક્ષનુ બે દિવસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર હોવાથી તે મામલે પ્રદેશના આગેવાનો સાથે આયોજન સંદર્ભે ચર્ચા બેઠક યોજનાર છે.

રાહુલ ગાંધી તેમની ૨ દિવસની મુલાકાત દરમ્યાન રાજ્યમાં કોંગ્રેસનો ગ્રાફ વધુ ઉંચો લાવવા આગેવાનો-કાર્યકરોને માર્ગદર્શન આપશે.

### સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ સરકારથી માંગ્યો જવાબ

# વૃક્ષારોપણના ફંડથી આઈફોન-લેપટોપ ખરીદી લેતા વિવાદ

દેહરાદુન, તા.૬

ઉત્તરાખંડ સરકારના એક વિભાગે વૃક્ષારોપણના પૈસાને આઈફોન અને ફ્રિજ ખરીદવામાં ઉડાડી દીધાં છે. હવે સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ સરકાર દ્વારા આઈફોન અને અન્ય વસ્તુ ખરીદવા માટે CAMPA ફંડના કથિત દુરૂપયોગને લઈને બુધવારે વાંધો ઉઠાવ્યો હતો. કોર્ટે રાજ્યના મુખ્ય સચિવ પાસે આ વિશે જવાબ માંગ્યો છે.

સુપ્રીમ કોર્ટની ખંડપીઠ ૧૯૯૫ની એક જનહિત અરજી ટીએન ગોદાવર્મન vs સ્ટેટ ઑફ ઈન્ડિયા પર સુનાવણી થઈ રહી હતી, જે પર્યાવરણ સંરક્ષણ અને વન સંરક્ષણ આધારિત છે. જેમાં ભારતના CAG (Comptroller and Auditor General of India) નો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જે અનુસાર, CAMPA ફંડનો કથિત રીતે આઈફોન, લેપટોપ, ફ્રિજની ખરીદી અને ભવનોના નવીનીકરણ સહિત અસ્વીકાર્ય ખર્ચ માટે કરવામાં આવ્યો છે.

CAG રિપોટર્માં ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી કેમ્પા ખચર્નો ઉપયોગની તપાસ કરવામાં આવી અને તેમાં અનેક નાણાંકીય અનિયમિતતા સામે આવી હતી. આઈફોન, લેપટોપ, ફ્રિજ, કૂલર અને કાર્યાલયના રિનોવેશનના કથિત અનધિકૃત ખરીદી સિવાય ફંડનો કથિત રીતે કોટર્ના કેસ લડવા તેમજ વ્યક્તિગત ખર્ચ માટે પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ ઑગસ્ટીન જૉર્જ મસીહની ખંડપીઠે કહ્યું કે, ફંડનો ઉપયોગ હરિયાળી વધારવા માટે કરવાનો હતો. પરંતુ, તેનો ઉપયોગ અસ્વીકાર્ય ગતિવિધિ માટે કરવો તેમજ અધિનિયમ અનુસાર, વ્યાજને SCAF (State Compensatory Afforestation Fund)માં જમા ન કરવાનો વિષય ગંભીર છે. ખંડપીઠે ઉત્તરાખંડના મુખ્ય સચિવને આ વિશે એક સોગંદનામું રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ સિવાય ૧૯ માર્ચ સુધી સંતોષકારક જવાબ ન મળે તો મુખ્ય સચિવને હાજર રહેવાનું કહેવામાં આવશે.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૨૪ સને (૨૪-૨૫) પ્રસિધ્ધ કરવા

(મા. મ.પંચાયત વિભાગ રાજકોટ)

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ, જિલ્લા પંચાયત, રાજકોટ દ્વારા એસસીએસપી/એમએમજીએસવાય/૨૪-૨૫ સદર પેકેજ ૪ ના કામ-૪ (ચાર) ની અંદાજિત કિંમત રૂા. ૬૭૬.૦૦ લાખ છે. તથા કિશાન પથ ૨૩-૨૪ સદર પેકેજ ૨ ના કામ-૨ (બે) ની અંદાજિત કિંમત રૂા. ૬૪૪.૦૦ લાખ છે..તથા બીયુજી/એમએમજીએસવાય/૨૪-૨૫ સદર પેકેજ ૩ ના કામ-૪ (ચાર) ની અંદાજીત કિંમત રૂા.૭૦૨.૦૦ લાખ છે. જે કામ માટે બી-કલાસ અને સ્પે.રોડ કેટેગરી-૩ અને ઉપર તથા બી-કલાસ અને બ્રીજ કેટેગરી-૩ અને ઉપર તથા એ-કલાસ અને સ્પે.રોડ કેટેગરી-૨ અને ઉપર જરૂરી નોંધણી ધરાવતા ઈજારદારશ્રી પાસેથી મંગાવવા માટે ઓન લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન ભરવાની. ક્રમ નં. ૨ ૪ ૬ ૮ ૭ ની છેલ્લી તા.૩૧/૩/૨૦૨૫ તથા ક્રમ નં ૧ ૩ ૫ ૭ ની છેલ્લી તા.૯/૪/૨૦૨૫ વેબ સાઈટ http://tender.nprocure.com પર જોઈ શકાશે તેમજ ટેન્ડરો ભરી શકાશે. ઈ.એમ.ડી.માટે (એફડીઆર) ૬ (છ માસ) ૧૮૦ દિવસની માન્ય ગણવામાં આવશે, સંયુક્ત બેંકની સોલ્વન્સી માન્ય ગણવામાં આવશે. કોઈ પણ એક અથવા બધાજ ટેન્ડરો રદ કરવા અંગે ના અધિકાર જિલ્લા પંચાયત રાજકોટને અબાધિત રહેશે.

માહિતી/રાજ/૧૫૩૩/૨૪-૨૫

### બે ભાઈઓએ વટ પાડી દીધો

# બહેનને ત્યાં લગ્નમાં ૧૩ કરોડનું મામેરું ભર્યું, ૧.૩૧ કરોડ રોકડા

નાગોર, તા.૬

રાજસ્થાનનો નાગોર જિલ્લો હંમેશા મામેરાના કારણે ચચાર્મા રહેતો હોય છે. આ વખતે પણ કંઈક આવું જ થયું છે. આ વખતે ચર્ચાનું કારણ લાખો રૂપિયાનું મામેરું નથી. પણ કરોડો રૂપિયાનું મામેરું છે. ભાઈ દ્વારા બહેનના ઘરે ભાણેજના લગ્નમાં આ મામેરું ભરવામાં આવે છે. એટલે કે મામાનો પરિવાર જ્યારે લગ્નમાં આવે છે, તો લગ્નમાં આર્થિક મદદ કરે છે. પણ આ વખતે તો બે ભાઈઓએ મળીને ૧૩.૭૧ કરોડ રૂપિયાનું મામેરું ભર્યું છે. જે આખા લગ્નના ખર્ચ કરતા પણ વધારે છે.

આ મામેરું નાગોર જિલ્લાના મેડતા નજીકના ગામ શેખાસનીમાં ભરવામાં આવ્યું હતું. ગાડીઓના કાફલા સાથે આવેલા બે ભાઈઓના પરિવારને જોવા માટે આખું ગામ ટોળે વળ્યું હતું. ગામના લોકોએ આ મામેરાના અત્યાર સુધીમાં સૌથી મોટું મામેરું ગણાવ્યું છે. મામાએ પોતાના ભાણેજના લગ્નમાં મામેરામાં બંને ભાઈઓએ ૧.૩૧ કરોડ રોકડા રૂપિયાની ભરેલી થાળી, લગભગ દોઢ કરોડના એક કિલો ૬૦૦ ગ્રામ સોનાના ઘરેણાં અને ૧૧ લાખ રૂપિયાના ૫ કિલો ચાંદીના ઘરેણાં. એટલું જ નહીં ૧૦ કરોડ ૨૫ લાખ રૂપિયાની ૮૦ વીઘા જમીન અને મેડતા શહેરમાં ૬ રહેણાંક વિસ્તારમાં પ્લોટ, ૧ બોલેરો તથા ૧ ટેક્ટર ટ્રોલી આપી છે. મામેરામાં ૧૫ લાખ રૂપિયાના કપડાં અને અન્ય ગિફ્ટ આપવામાં આવી છે. ૮૦ વીઘા જમીન ખરીદીને મેડતા ખેતી ઉત્પન્ન બજારના વેપારી ઓમપ્રકાશ તેતરવાલે લોકલ ૧૮ સાથે વાત કરતા જણાવ્યું કે, "બંને ભાઈઓએ બહેનને મામેરામાં આપવા માટે તાજેતરમાં ૮૦ વીઘા જમીન ખરીદી હતી. બંને ભાઈઓએ બહેનને મેડતા શહેરના રેણ રોડ, જસનગર રોડ અને બોરુંદા રોડ પર ૬ પ્લોટ પણ આપ્યા છે." આ મામેરામાં મેડતા મંડીના વેપારી પણ પહોંચ્યા હતા. બહેનના બાળકોના લગ્નમાં પિયર પક્ષ તરફથી મામેરું ભરવામાં આવે છે. તેને ભાત પણ કહેવાય છે. આ રસમમાં મોસાળ પક્ષ તરફથી બહેનના બાળકો માટે કપડાં, ઘરેણાં અને અન્ય સામાન આપવામાં આવે છે. તેમાં બહેનના સાસરિયા પક્ષના લોકો માટે કપડાં અને ઘરેણાં પણ હોય છે.

# ઓડિશામાં ભ્રષ્ટ અધિકારીને ત્યાં દરોડામાં મળ્યો ખજાનો

ભુવનેશ્વર, તા. ૬


છેવટે ૨૦૦૦ની નોટોનો વિશાળ જથ્થો મળી આવ્યો છે. હકીકતે ઓડિશામાં એક ભ્રષ્ટ અધિકારીને ત્યાં વિજિલન્સ વિભાગે દરોડા પાડ્યા જેમાં ૨૦૦૦ની નોટો સહિત મોટી માત્રામાં રોકડ રકમ અને સોના-ચાંદીનો ખજાનો મળી આવ્યો છે.

અહેવાલ અનુસાર ઓડિશા વિજિલન્સ વિભાગે ગુરુવારે કટક સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (STA)ના ડેપ્યુટી કમિશનર પ્રદીપ કુમાર મોહંતીના ૯ સ્થળોએ અપ્રમાણસર સંપત્તિ (DA) કેસમાં દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન, ૨૦૦૦ રૂપિયાની નોટોના બંડલ, સોના-ચાંદીના દાગીના અને મિલકત સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા હતા. અધિકારીઓને શંકા છે કે મહંતીએ પોતાના પદનો દૂરુપયોગ કરીને બેનામી સંપત્તિ મેળવી છે.

વિજિલન્સ વિભાગે ભુવનેશ્વર ઉપરાંત ખોરધા, પુરી, નયાગઢ તથા કટક સહિત કુલ નવ જગ્યાએ તપાસ ચલાવી હતી. દરોડ દરમિયાન રોકડ રકમના બંડલો, બેનામી સંપત્તિના દસ્તાવેજો તેમજ ઘરેણાં મળી આવ્યા છે. ઓડિશામાં અગાઉ પણ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓને ત્યાં દરોડા પાડીને મોટી માત્રામાં બેનામી સંપત્તિ અને રોકડ રકમ જપ્ત કરવામાં આવેલી છે. આ કેસમાં દરોડાની કાયર્વાહી ચાલુ છે અને આ સમાચાર અપડેટ કરવામાં આવી રહ્યા છે.

### તેલંગાણા કોંગ્રેસના ગઢમાં કમળ ખીલ્યું

# ત્રણમાંથી બે MLC બેઠક પર જીત, PM મોદી પણ ગદગદ



હૈદરાબાદ, તા.૬

તેલંગાણા વિધાનસભા પરિષદની ચૂંટણીમાં ભાજપે બહુમતિ સાથે જીત મેળવી છે. તેણે ત્રણ બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાંથી બે બેઠક પર જીત હાંસલ કરી છે. ત્રણ એમએલસી બેઠકમાંથી બે પર જીતથી કોંગ્રેસ શાસિત રાજ્યમાં ભાજપનો દબદબો વધતો જોવા મળ્યો છે.

ભાજપ સમર્થિત ઉમેદવારોની જીતને વધાવતા કેન્દ્રીય કોલસા મંત્રી અને ભાજપ તેલંગાણા એકમના પ્રમુખ જી. કિશન રેડ્ડીએ કહ્યું કે આ જીત યુવાનો અને શિક્ષકોની જીત છે, જેમણે કોંગ્રેસને તેના નિષ્ફળ શાસન અને તેમની ચિંતાઓને દૂર કરવામાં નિષ્ફળતા માટે નિર્ણાયક રીતે નકારી કાઢી છે.

કિશન રેડ્ડીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, 'કોંગ્રેસે તેના તમામ મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદોને મેદાનમાં ઉતાર્યા અને ઘણો ખર્ચ કર્યો, તેમ છતાં તેઓ કરીમનગર ગ્રેજ્યુએટ બેઠક જાળવી શક્યા નથી. લોકોને ખોટા વચનો આપીને સત્તામાં આવેલી કોંગ્રેસને આ પરિણામ મજબૂત સંદેશ આપે છે.' રાજ્યમાં ૧૩ જિલ્લાઓ, ૪૩ વિધાનસભા બેઠકો અને ૭ સંસદીય મત વિસ્તારો તથા ૨૭૦ મંડળમાં યોજાયેલી ચૂંટણીની સાથે આ જીત નોંધપાત્ર છે. જે તેલંગાણામાં ભાજપની વધતી જતી તાકાતને દર્શાવે છે.

# રાજકોટ : જી.એસ.ટી.અધિકારી રૂા.૫૦૦૦ની લાંચ લેતા ઝડપાયો

## અરજદાર દ્વારા જી.એસ.ટી. નંબર મેળવવા કરેલ અરજીને માન્યતા આપવા બદલ લાંચ માંગી હતી

રાજકોટ, તા.૬

અહીંના રેસકોર્ષ રીંગ રોડ પર આવેલ જી.એસ.ટી. કચેરીના ઈન્સ્પેકટર શ્રીરામ બી.મીનાએ અરજદાર દ્વારા જી.એસ.ટી.નંબર મેળવવા કરેલ ઓનલાઈન અરજીને માન્ય કરી આપવાના બદલામાં માંગેલ લાંચની રકમ રૂા.૫૦૦૦ અરજદાર પાસેથી જી.એસ.ટી. કચેરીમાં પોતાની ચેમ્બરમાં જ સ્વિકારતા સુરેન્દ્રનગર એ.સી.બી.પોલીસ મથકના ઈન્સ્પેકટર એમ.એમ.લાલીવાલા ત્થા મદદનીશોએ ગોઠવેલ છટકામાં સાક્ષીઓ-પંચોની હાજરીમાં ઝડપી લીધેલ છે.

અરજદાર જી.એસ.ટી.ને લગતી કામગીરી કરતા હોવાથી તેમના એક ખાનગી ગ્રાહકનો જી.એસ.ટી.નંબર મેળવવા કચેરીમાં ઓનલાઈન અરજી કરેલ જે અરજીના નિકાલ કરવાની જવાબદારી જી.એસ.ટી.ઈન્સ્પેકટર શ્રીરામ મીના પાસે હોવાથી અરજદારે ઉપરોકત મામલે સંપર્ક લાંચ રૂશ્વત વિરોધી શાખાની સુરેન્દ્રનગર કચેરીના ઈન્સ્પેકટર એમ.એમ.લાલીવાલાનો સંપર્ક કરતા રાજકોટ એકમના કાર્યવાહક મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના માર્ગદર્શનમાં છટકુ ગોઠવવા નક્કી કરાયેલ.

જી.એસ.ટી.ઈન્સ્પેકટર શ્રીરામ મીના દ્વારા માંગવામાં આવેલ લાંચ મામલે અરજદાર સાથે વાતચીત કરતા આજે શ્રીરામ મીનાએ પોતાની ઓફિસમાં અરજદારને બોલાવી રકમ આપવા જણાવેલ જેથી પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ.લાલીવાલાની સીધી દેખરેખ હેઠળ ગોઠવવામાં આવેલ છટકામાં મદદનીશો ત્થા સાક્ષીઓ-પંચની હાજરીમાં લાંચની રકમ શ્રીરામ મીનાએ પોતાની ચેમ્બરમાં સ્વિકારતા તેને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સી.આઈ.એસ.એફ.ની રજત જયંતી નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાશે

## મહિલાઓ માટે વિનામૂલ્યે આરોગ્ય તપાસ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાશે

રાજકોટ તા.૬:

સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સને રાજકોટ ખાતે ૨૫ વર્ષ પૂર્ણ થતાં સપ્તાહ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. જેમાં તા.૦૭/૦૩/૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે હીરાસર ખાતે ક્વિક રિએકશન ડેમો અને ડોગ શોનું આયોજન કરવામાં આવ્યું છે. રોટરી કલબ, રાજકોટ અને એરપોર્ટ સિકયુરિટી ગ્રુપ સી.આઈ.એસ.એફ.ના સંયુકત ઉપક્રમે રાજકોટ એરપોર્ટ કોલોની ખાતે તા.૦૮/૦૩/૨૦૨૫ના રોજ સવારે ૮.૦૦ વાગ્યાથી મહિલાઓ માટે વિનામૂલ્યે આરોગ્ય તપાસ કરાશે. ઉપરાંત, બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. આ કેમ્પમાં ભાગ લેવા સી.આઈ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટશ્રીએ જાહેર જનતાને અનુરોધ કર્યો છે.

# SVPI એરપોર્ટ પર નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમથી સીમલેસ પાર્કિંગ સુવિધા

અમદાવાદ તા.૬:

સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટે તેની પાર્કિંગ સેવાઓ માટે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ રજૂ કરીને મુસાફરોની સુવિધા વધારવા મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ નવતર પહેલ થકી મુસાફરો , ડિજિટલ વોલેટ્સ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ્સ અથવા ફાસ્ટેગ-આધારિત ઓટોમેટિક ડિડક્શન દ્વારા પાર્કિંગ ચાર્જ સરળતાથી ચૂકવવી શકશે, તેનાથી રોકડ વ્યવહારોની જરૂરિયાત સંપૂર્ણપણે દૂર થાય છે.નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ એરપોર્ટની ડિજિટલ પરિવર્તન પ્રત્યેની પ્રતિબદ્ધતા સૂચવે છે. વળી તે ભારત સરકારની 'ડિજિટલ ઇન્ડિયા' પહેલ સાથે સુસંગત છે. મુસાફરો હવે , ડેબિટ/ક્રેડિટ કાર્ડ્સ અને મોબાઇલ વોલેટ્સ જેવા વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ચુકવણી કરી શકે છે. એરપોર્ટ પર ફાસ્ટેગ-આધારિત લેન છે, જેનાથી માનવીય હસ્તક્ષેપ વિના ઓટોમેટિક ડિડક્શન અને ઝડપી આવાગમન થઈ શકે છે.

# અમરેલી જિલ્લામાં બે દિવસમાં બે લોકોને વન્યપ્રાણીઓએ ફાડી ખાતાં અરેરાટી

## સાવરકુંડલાનાં ખાલપર ગામની સીમમાં યુવકને ફાડી ખાતો સિંહ

અમરેલી તા.૬:અમરેલી જિલ્લામાં સતત વન્યપ્રાણીઓનો ત્રાસ વધવા પામ્યો છે. છેલ્લા બે દિવસમાં બે લોકોને સિંહે ફાડી ખાધાની ઘટના બનતા સમગ્ર રાજયમાં આ બનાવનાં કારણે અરેરાટી પ્રસરી જવા પામી છે. હજુ જાફરાબાદ પંથકમાં ખેડૂત પર સિંહણે હુમલો કરી ફાડી ખાધાની ઘટનાને ૪૮ કલાક વિત્યા છે. ત્યાં ફરીએકવાર સાવરકુંડલાનાં ખાલપર ગામની સીમમાં એક યુવકને સિંહે મોતને ઘાટ ઉતારી હોવાની માહિતી મળી છે. જાણવા મળતી માહિતી મુજબ સાવરકુંડલા પંથકની ખાલપર-હઠીલા ગામની સીમ વિસ્તારમાં માલધારીઓ ઢોર ચરાવવા ગયેલા ત્યારે ત્યાં એક માનવ મૃતદેહ મળી આવતાં માલધારીઓએ તાત્કાલિક ગામમાં જઈ આ ઘટનાની વાત કરી હતી. ગ્રામજનોએ તપાસ કરતા આ મૃતદેહ ખાલપર ગામના જમાઈ નદીમ નજીરભાઈ કુરેશી હોવાનું જાણવા મળેલ હતું. મૃતદેહનું અવલોકન કરતાં આ મૃતદેહને સિંહ જેવા વન્યપ્રાણીએ હુમલો કરી ચૂંથી નાંખી પગ સહિતના અંગો ખાધા હોવાનું ગ્રામજનોનાં ધ્યાને આવતા તાત્કાલિક આ ઘટના અંગે વનવિભાગને જાણ કરવામાં આવી હતી. મૃતદેહથી થોડે દૂર મૃતકનું બાઈક અને ચપ્પલ મળી આવ્યા હતા. અને બાઈક પાસે સિંહનાં પગલાનાં સગડ મળી આવતા વન વિભાગે આ યુવકને સિંહ ફાડી ખાધો હોવાનું જણાવ્યું હતું. જિલ્લામાં સતત સિંહોની વધતી જતી સંખ્યાની સાથે સિંહોનાં માનવીઓ પરના હુમલાઓ પણ વધવા પામ્યા છે. માનવભક્ષી બનેલા સિંહને પાંજરે પુરવા વનખાતા દ્વારા પાંજરા ગોઠવવામાં આવ્યા છે. આવી ગંભીર ઘટના બન્યા બાદ ધારી ગીર પૂર્વનાં ડીએફઓ વિકાસ યાદવે ફોન ઉપાડવાની પણ તસ્દી લીધી નથી.

**યુવક ખાલપર સીમમાં કંઈ રીતે પહોંચ્યો ?**

યુવક નદીમ નજીરભાઈ કુરેશી બસમાં કલીનર તરીકે કામ કરે છે. અને પોતાના સસરાના ગામ ખાલપર ગામે રાત્રીનાં સમયે ગામમાંથી જાણવા મળ્યું છે. ગામમાં પોતાના સસરાનું ઘર હોવા છતાં રાત્રીનાં બાઈક લઈને સીમ વિસ્તારમાં કંઈ રીતે પહોંચ્યો તે પણ તપાસનો વિષય છે.

**માનવીઓ પર સિંહોનાં સતત વધતા જતા હુમલા રોકવામાં વનખાતુ નિષ્ફળ**

એશિયાટીક સિંહોને ગીરનું ઘરેણું માનવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ગીરનાં ઘરેણા સમાન સિંહો માનવીઓ પર હુમલાઓ કરી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં સિંહોએ ત્રણ લોકોને ફાડી ખાધાની ઘટનાઓ બનવા પામી છે. આવી ઘટનાઓ બનવા છતાં વનખાતુ હજુ લોકજાગૃતિનાં કાર્યક્રમો યોજી રહ્યું છે. માનવીઓ પર સિંહોનાં સતત વધતા જતાં હુમલા રોકવામાં વનખાતુ સદંતર નિષ્ફળ નિવડ્યું છે. વનખાતાની કામગીરી બાબતે અનેક સવાલો ઉભા થયા છે. સિંહોનાં હુમલાને રોકવાને બદલે વન અધિકારીઓ લોકોને સિંહથી બચવા માટેની સલાહ આપી રહ્યાં છે.

# રાજકોટ સરકારી હોસ્પિટલમાં અધિક્ષકે ઓચિંતી મુલાકાત લીધી

## અધિક્ષકે મોડીરાત્રીના હોસ્પિટલ પરિસર તેમજ કેટલાક વોર્ડની મુલાકાત લેતા સ્ટાફ જાગૃત બન્યો

રાજકોટ, તા.૬

અહીંની સરકારી હોસ્પિટલમાં એકંદરે ખાનગી હોસ્પિટલો કે દવાખાનાઓ કરતા સારી અને ઝડપી સારવાર મળે છે. પરંતુ રાત્રીના સમયે ઈમરજન્સીમાં કયારેક કોઈ કોઈ વોર્ડમાં ફરજ પરના તબીબો આરામમાં હોય અથવા ચક્કર લગાવવા જતા રહેતા હોવાથી દર્દીઓ તેમજ તેમના પરિવારજનોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી કયારેક દર્દીના પરિવારજનો અને તબીબો કે હોસ્પિટલ સ્ટાફ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થતી હોવાનુ ધ્યાને આવતા સિવિલ હોસ્પિટલના તાજેતરમાં નિયુક્ત થયેલા અધિક્ષક ડો.મોનાલી માકડીયાએ મોડીરાત્રીના અચાનક હોસ્પિટલની મુલાકાત લઈ સ્ટાફને જાગૃત રહેવા તાકીદ કરેલ તેમજ કેટલાક સ્થળોએ દર્દીઓની સારવાર અંગે પુછપરછ પણ કરેલ.

હોસ્પિટલના અધિક્ષક ઓચિંતા મુલાકાતે આવી ચડતા કેટલાક તબીબો વચ્ચે અધિક્ષ આવ્યા છે. હાજર રહેજો તેવા સંદેશાઓની મોમબાઈલ તેમજ વ્હોટસએપ મારફત આપલે થવા પામી હતી.

# રાજુલાના એડવોકેટ જીગ્નેશ ગોસ્વામીની નોટરી તરીકે નિમણૂક

ધર્મેશ મહેતા

રાજુલા તા.૬:



રાજુલા શહેરમાં એડવોકેટ તરીકે પ્રશંસનીય કામગીરી કરતા હરહંમેશા સેવાકાર્યમાં આગળ આવતા અને ખૂબજ સારી એવી નામના ધરાવનાર એવા જીગ્નેશ ચીમનભારથી ગોસ્વામીની નોટરી તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની નોટરી તરીકે નિમણૂંક થતાં રાજકીય-સામાજીક આગેવાનો, વેપારીઓ, પત્રકાર મિત્રો, જ્ઞાતિ જનો સહિત મિત્રો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે.

# ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર ગંભીર અકસ્માત

# પૂરપાટ ઝડપે જતી ઈકો કાર ટ્રકમાં ઘૂસી જતાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે મોત, ચાર ઘાયલ

(મહેશ રાવલ દ્વારા)

સુરેન્દ્રનગર તા.૬:



સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના હરિપર બ્રિજ નજીક હાઈવે પર ઈકો કાર ટ્રકની પાછળ ઘૂસી જતાં મોડીરાત્રે ગોઝારો અકસ્માત સર્જાયો હતો, જેમાં અકસ્માત સમયે કારમાં સાત લોકો સવાર હતા. એમાં ત્રણ લોકોનાં મોત થયાં છે, જ્યારે ચાર વ્યક્તિ ઇજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. ઘટનાની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબ્જો લઈને પી.એમ. માટે ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

મૃતકોનાં નામ:પ્રફુલાબેન ગિરીશભાઈ મારુ (ઉં.વ ૫૬),વિશાલભાઇ કમલેશભાઈ મારુ (ઉં.વ. ૨૪),કિશોરભાઈ મોહનભાઈ ડાભી (ઉં.વ. ૬૫) (તમામ રહે. ધ્રાંગધ્રા)

અકસ્માત અંગે મળતી માહિતી મુજબ ધ્રાંગધ્રાનો પરિવાર અમદાવાદ ખાતે લગ્ન પ્રસંગમાં આવ્યો હતો. જે લગ્ન પ્રસંગ પતાવીને પરત ધ્રાંગધ્રા જઇ રહ્યો હતો, ત્યારે મોડી રાત્રે ધ્રાંગધ્રા તાલુકાના હરિપર બ્રિજ પાસે હાઈવે પર ઈકો કારે ટ્રકની પાછળ ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં અકસ્માત સમયે કારમાં સાત લોકો સવાર હતા, જેમાં ત્રણ લોકોના મોત થયા હતા.

અન્ય ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે પ્રથમ સારવાર ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં વધુ સારવાર માટે સુરેન્દ્રનગર સી.યુ. શાહ હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ઇકો કારનો ભુક્કો બોલી ગયો હતો. કારનાં પતરાં ચીરીને મૃતદેહોને બહાર કઢાયા હતા.

ઇજાગ્રસ્તોનાં નામ:ચેતનાબેન કમલેશભાઈ મારુ (ઉં.વ. ૪૦),ભાવિનભાઈ ગિરીશભાઈ મારુ (ઉં.વ. ૨૮),કૌશલભાઈ ભાવિનભાઈ મારુ (ઉં.વ. ૯),કમલેશભાઈ ખીમજીભાઇ મારુ (ઉં.વ. ૫૫).

આ અકસ્માતની ઘટના અંગે ધ્રાંગધ્રા ઉજા જે.ડી.પુરોહિતે જણાવ્યુ હતું કે રાત્રે અઢી વાગ્યાના અરસામાં ધ્રાંગધ્રાનો એક પરિવાર અમદાવાદ ખાતેથી ધ્રાંગધ્રા ખાતે પરત આવી રહ્યો હતો, એ દરમિયાન હરિપર બ્રિજ પાસે એક બંધ પડેલું ટ્રક ઉભી હતી, જેમાં ઇકો વાહન ચાલકને ટ્રક નહી દેખાતા ટ્રક સાથે ગાડી ભટકાડી આ અકસ્માતમાં કુલ ત્રણ લોકોનાં સ્થળ ઉપર જ મરણ ગયાં હતાં અને ગાડીમાં બેઠેલા અન્ય લોકોને નાનીમોટી ઈજાઓ થતાં તેમને તાત્કાલિક ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર આપી વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ બાબતે ધ્રાંગધ્રા પોલીસે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# પાલીતાણા રઝળતા ઢોરનો વધતો ત્રાસ

## પાલિકાની ઉદાશીનતાનો ભોગ બનતા નિર્દોષ શહેરીજનોમાં રોષ

રાજકોટ, તા.૬

રાજ્યમાં રઝળતા ઢોરની સમસ્યા મુદે સરકારી તંત્રમાં ઈચ્છાશકિતના અભાવના કારણે આ સમસ્યા સતત વકરતી રહે છે. રાજ્યમાં દરરોજ ત્રણ-ચાર શહેરોમાં રઝળતા ઢોરના પાપે નાના-મોટા અકસ્માત સર્જાતા રહે છે તો કયારેક રાહદારી કે વાહન ચાલક ઢોરના ત્રાસના કારણે વગર વાંકે હોસ્પિટલના બીછાને પહોચી જાય છે.

ભાવનગર જીલ્લાના પાલિતાણા શહેરીનગર પાલિકા લોકોને સુવિધાઓ આપવામાં સતત ઉણી ઉતરી રહી છે. માર્ગો પર થયેલા દબાણો, રેકડીઓના દબાણો, માર્ગોની બિસ્માર હાલત ઉપરાંત જાહેરમાર્ગો પર ઠેરઠેર અડિંગો જમાવી બેસતા રઝળતા ઢોરની સમસ્યા કાયમી બની જવા પામેલ છે. આજે શહેરની હરેકૃષ્ણ સોસાયટીમાં રઝળતા ઢોરની હડફેટે આવી જતા એક વ્યકિત ઈજાગ્રસ્ત થયેલ. પાલિકાનુ નિભંર તંત્ર લોકોની સુવિધા બાબતે જાગૃત બને તેવી શહેરીજનોમાંથી માંગ ઉઠી રહી છે.

# થેલેસેમિયા ટેસ્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યુ

રાજકોટ તા.૬:

ટી.વી.મહેતા ચેરીટેબલ ફાઉન્ડેશન સંચાલિત ગાર્ડી વિદ્યાપીઠ રાજકોટ દ્વારા ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી,ગુજરાત સ્ટેટ બ્રાન્ચ ના સહયોગથી કેમ્પસ ની તમામ વિદ્યાશાખા માં પ્રવેશ મેળવેલ પ્રથમ સત્ર/વર્ષ ના વિદ્યાર્થી માટે સઘન થેલેસેમિયા ટેસ્ટ ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૪૩૭ વિદ્યાર્થીઓએ થેલેસેમિયાની તપાસ કરાવી હતી.

# લાલપુરના ઈશ્વરીયામાં કોલેજીયન યુવતીનો બીમારીથી કંટાળી આપઘાત

(નયના દવે દ્વારા)

જામનગર તા.૬:

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ઈશ્વરીયા ગામમાં રહેતી એક વકોલેજીયન યુવતીએ પોતાના પેટના દુખાવાની બીમારીથી કંટાળી ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરી લીધી છે. જેથી ભારે ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના ઈશ્વરીયા ગામમાં રહેતી અને મહેસાણા ની એગ્રીકલ્ચર કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી ભાર્ગવીબેન મહેશભાઈ સાવલિયા નામની ૨૦ વર્ષની કોલેજીયન યુવતીએ કોલેજમાં રજા દરમિયાન પોતાના ઘેર આવ્યા પછી ગત આઠમી તારીખે પોતાના ઘેર જંતુનાશક દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં એક મહિનાની સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવ અંગે મૃતક ના પિતા મહેશભાઈ દામજીભાઈ સાવલિયા એ પોલીસને જાણ કરતાં લાલપુરના એ.એસ.આઇ. ડી.ડી. જાડેજા જી.જી. હોસ્પિટલમાં દોડી આવ્યા હતા, અને કોલેજીયન યુવતીના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું હતું, અને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસ દરમિયાન તેણીને છેલ્લા બે માસથી સતત પેટમાં દુખાવો રહેતો હતો, અને તેની દવા પણ ચાલતી હતી. જે બીમારીથી કંટાળી જઈ આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

# ન્યૂઝીલેન્ડના વેલિંગ્ટન શહેર ખાતે રામકૃષ્ણ શાસ્ત્રીના વ્યાસાસને રામકથાનો પ્રારંભ

હરેશ જોશી કુંઢેલી તા ૬:



ભાવનગર સ્થિત લોકસંત પૂ. રામકૃષ્ણ શાસ્ત્રીજી- કુંઢેલી વાળાના કંઠે ન્યૂઝીલેન્ડના વેલિંગ્ટન શહેર ખાતે રામકથા પ્રવાહિત થઈ રહી છે. કથા પ્રારંભે કથાપ્રેમી રિશિભાઈ પટેલ અને પ્રતિકભાઈ ચૌહાણના નિવાસેથી પોથી યાત્રા નીકળી હતી. રામકથાના મંગલાચરણ બાદ નરેન્દ્રભાઇ ચૌહાણ, જીગરભાઈ ચૌહાણ,મનીષભાઈ મિસ્ત્રી,રાજેશભાઈ સોલંકી તેમજ સ્થાનિક ગાયત્રી પરિવારના પ્રમુખ મીનાબેન પટેલ, નગીનભાઈ પટેલ તથા કાંતિભાઈ પટેલનું વિશેષ સન્માન વ્યાસપીઠ દ્વારા કરવામાં આવ્યું હતું.કથા ગાન કરી રહેલા પૂ. રામકૃષ્ણ શાસ્ત્રીએ રામચરિત માનસનો મહિમાગાન કરતાં જણાવ્યું હતું કે સનાતન ધર્મ અખંડ છે. અને કોઈ પણ પ્રત્યે ભેદભાવ રાખનાર નથી. કથા સત્સંગ સમાજની એકતા માટે અને શાંતિ માટે જરૂરી છે. યુવાનોને માર્ગદર્શન મળે તે માટે પણ સત્સંગની જરૂરિયાત રહેલી છે.આ રામકથા આયોજનમાં સૌ ઉત્સાહપૂર્વક જોડાયા છે.રામકથા વિરામ આગામી તા.૧૩ ને ગુરુવારે થશે.

# છાસિયા ગામે જમીનના વિવાદમાં ભાઈઓ વચ્ચે ખેલાયુ ધીંગાણું

## બંને પક્ષે મળી ત્રણ મહિલા સહિત ૮ શખ્સો સામે નોંધાતો ગુનો, મહિલા સહિત છ લોકો ઘાયલ

રાજકોટ તા.૬:

વિછીયા તાલુકાના છાસિયા ગામે જમીનના મામલે બે ભાઈઓના પરિવાર વચ્ચે ચાલતી માથાકૂટ નો ખાર રાખી થયેલી બોલા ચાલી મા ઉસકેરેલા બંને પરિવાર વચ્ચે ધોકા અને પાઇપ વડે ખેલાયેલા ધીંગાણામાં બે મહિલા સહિત છ શખ્સો ઘવાતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. આ બનાવમાં સ્થાનિક પોલીસે બંને પક્ષોએ મળી ત્રણ મહિલા સહિત આઠ શખ્સો સામે સામ સામી ફરિયાદ નોંધાય છે. પોલીસે નાસી છૂટેલા શખ્સોને ઝડપી લેવા દોડધામ આદરી છે.

વધુ વિગત મુજબ વિછીયા તાલુકાના છાસિયા ગામે રહેતા રાઘવભાઈ સવાભાઈ ચૌહાણ નામના ખેડૂતે ભાઈએ મનજી સવા ચૌહાણ ,જયંતિ મનજી ચૌહાણ અને મધુબેન મનજીભાઈ ચૌહાણ સહિત ત્રણે માર માર્યા અંગેની પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. મનજી ચૌહાણ અને રાઘવ ચૌહાણ બંને ભાઈઓ થતા હોય અને અગાઉ જમીન બાબતે થયેલી બોલાચાલી નો ખાર રાખી ફરિયાદી રાઘવભાઈ ચૌહાણ પોતાના ખેતરમાં પાકમાં પાણી વાળતા હોય ત્યારે તેનો ભાઈ મનજી પાસે આવી મને કહેલ કેમ મૂછો મરડે છે મારા ભાઈને કહે કોઈ મૂછો મરડતું નથી તેમ કહેતા મને ગાળો આપી ધોકા વડે માર મારતા ભાભી મધુબેન અને ભત્રીજો જયંતીએ પાઇપ અને ધોકા વડે માર મારતા પુત્ર ગૌતમ તેમજ જમાઈ રાઘવભાઈ સહિત માર મારતા લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ વીંછીયા પોલીસ મથકના સ્ટાફને થતા દોડી જય દંપતી સહિત ત્રણે શખ્સો સામે મારામારી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. જ્યારે સામા પક્ષે સાસીયા ગામની સીમમાં રહેતા મનજીભાઈ સવાભાઈ ચૌહાણ એ ભાઈ રાઘવ સવા ચૌહાણ, ગૌતમ રાઘવ ચૌહાણ, રાઘવ નો જમાઈ રાયધન, સવિતાબેન રાયધનભાઈ ચૌહાણ, પુરીબેન રાઘવભાઈ ચૌહાણ સહિત પાંચે શખ્સ પાઇપ અને ધોકા વડે માર માર્યાની વિછીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બંને ભાઈઓ વચ્ચે જમીન બાબતે ચાલતી માથાકૂટ નો ખાર રાખી બોલા ચાલી થઈ હતી જેમાં ઉશ્કેરાયેલા રાખો સવાર ચૌહાણ તથા તેના પુત્ર જમાઈ, પત્ની અને પુત્રીએ ધોકા અને પાઇપ વડે ભાઈ મનજી ચૌહાણ અને કૈલાશબેન તેમજ મધુબેનને માર મારી પોલીસે તમામ સામે ગુનો નોંધી નાસી છૂટેલા તમામ શખ્સોને ઝડપી લેવા હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ રાજપરા દ્વારા તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે

# પડધરી અજાણ્યા વાહને બાઈકને ઠોકરે લેતા વૃદ્ધનું મોત, પૌત્રી ઘાયલ

## બોર્ડની પરીક્ષાનું પેપર પૂર્ણ થતા પૌત્રીને સ્કૂલેથી તેડી વૃધ્ધ દહીંસરા ગામે જતા'તા ત્યારે સર્જાયો અકસ્માત

રાજકોટ તા.૬:

પડધરી ખાતે હિટ એન્ડ રનના બનાવમાં બાઇકસવાર દાદા અને પોત્રી ફંગોળાઇ જતાં દાદાને ગંભીર ઇજા થવાથી મોત નીપજ્યું હતું. પડધરી ખાતે પોત્રીનું ધોરણ-૧૦ બોર્ડની પરિક્ષાનું પેપર પુરુ કરીને વૃધ્ધ દાદાના બાઇકમાં બેસાડી દહીંસરા ગામે ઘરે જઈ રહ્યા હતાં ત્યારે પડધરી પાસે બનાવ બન્યો હતો જેમાં ગંભીર રીતે ખવાયેલા વૃદ્ધનું મોત નીપજતા પરિવારમાં શોકનો મોજુ ફેલાયું છે. આ બનાવની પડધરી પોલીસ મથકના સ્ટાફને થતા દોડી જાય ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે.વધુ વિગત મુજબ પડધરીના દહીંસરા ગામે રહેતાં સવજીભાઈ કાળાભાઇ ચાવડા (ઉ.વ.૬૨) નામના વૃદ્ધ ગઇકાલે બપોરે એકાદ વાગ્યે પડધરી સ્કૂલમાં તેની પોત્રી જીજ્ઞાશા ધોરણ-૧૦ બોર્ડની પરિક્ષા આપી રહી હોઇ તેણીને તેડવા માટે આવ્યા હતાં. પોત્રી નું પેપર પુરુ કરી બહાર આવતાં તેણીને બાઇકમાં બેસાડી તેઓ દહીંસરા ગામે જવા રવાના થયા હતાં.દરમિયાન પડધરી ખાતે મેલડી માતાજીના મંદિર પાસે દાદા-પોત્રી પહોંચ્યા ત્યારે અજાણ્યા બાઇકના ચાલક અકસ્માત સર્જી નાસી જતાં દાદા-પૌત્રી બંને ફેંકાઇ જતાં ઇજાઓ થઇ હતી. પોત્રીને સામાન્ય ઇજા થઈ હતી જ્યારે દાદા સવજીભાઇને ગંભીર ઇજા પહોંચી હતી. લોહી લુહાણ હાલતમાં પથમ પડધરી પ્રાથમિક સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું આ બનાવની જાણ પડધરી પોલીસ મથકના સ્ટાફને થતા દોડી આવી મૃતદેહનું પીએમ કરાવી મૃતદેહ પરિવારજનોને સોપ્યો હતો. વૃધ્ધના મોતથી પરિવારમાં શોક છ્વાઇ ગયો હતો.સવજીભાઇ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં બીજા નંબરના હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પડધરી પોલીસ ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે.

# કલ્યાણપુર : કારની ઠોકરે દંપતિને ઈજા

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૬

દેવભૂમી દ્વારકા જીલ્લાના કલ્યાણપુર વિસ્તારમાં કારની ઠોકરે બુલેટ પર જઈ રહેલ એક દંપતિને ઈજા થઈ છે. કલ્યાણપુરના લીંબડી ગામ પાસે બેફીકરાઈથી જઈ રહેલ એક કારના ચાલકે બુલેટથી જઈ રહેલા દેવાભાઈ સોનગરા અને તેમના પત્ની વીરૂબેનને ઠોકરે ચડાવ્યા હતા. બનાવ સબબ કલ્યાણપુર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલીતાણાઃ ઠાડચ ગામે મકાનમાંથી ૨.૯૬ લાખની કિંમતનો દારૂ, બિયર ઝડપાયો

## ૧૬૨૯ બોટલ શરાબની અને ૨૪ બિયરના ટીન કબ્જે કર્યા, બુટલેગર અને મકાન માલિક સહિત ત્રણની શોધખોળ

પાલીતાણા તા.૬:પાલીતાણા તાલુકાના ઠાડચ ગામે મકાનમાં કટીંગ માટે છુપાવેલો રૂપિયા ૨. ૯૬ લાખની કિંમતનો બીયર અને વિદેશી દારૂનો જથ્થો ગ્રામ્ય પોલીસે ઝડપી પાડી મકાન માલિક સહિત ત્રણ શકશો નાસી છૂટતા તેની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ ભાવનગર જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા એસપી હર્ષદ પટેલે આપેલી સૂચનાને પગલે પાલીતાણા રૂરલ પોલીસ મથકના પીઆઇ આરડી રબારી સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઠાડચ ગામે રહેતા હરેશ હિંમત મકવાણા નામના શકશે મફતનગર પ્લોટ વિસ્તારમાં રહેતો મહેશ રામજી મકવાણા અને અરવિંદ અજય મકવાણાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો કટીંગ માટે છુપાવ્યો હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઇ બીઆર રાણા એ.એસ.આઇ.આર.બી કોતર અને કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ ગોહિલ સહિતના સ્ટાફે દરોડો પાડી મકાનમાંથી રૂપિયા ૨.૯૬ લાખની કિંમતનો ૧૬૨૯ બોટલ વિદેશી દારૂ અને ૨૪ બિયરના ટીન મળી આવતા કબજે કર્યા હતા. ધરોડાની ગંધ આવી જતા નાસી છૂટેલા હરેશ હિંમત મકવાણા અને મકાન માલિક મહેશ રામજી મકવાણા તેમજ અરવિંદ મકવાણાની શોધખોળ હાથ ધરી છે

# ભાયાવદરના વૃદ્ધને વેપારી પિતા-પુત્રે પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી

રાજકોટ તા.૬:ઉપલેટા તાલુકાના ભાયાવદરના વૃદ્ધ અને વ્યાજખોર પિતા પુત્ર દ્વારા ૫.૫૦ લાખનું ૭. ૨૦ લાખ વ્યાજ ભર્યા છ્તાં વધુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. વધુ વિગત મુજબ ભાયાવદરના ગંજીવાળા શેરી નંબર બે માં રહેતા ગીરીશભાઈ મોહનભાઈ કાસુન્દ્રા નામના ૬૦ વર્ષીય વૃદ્ધએ ઉપલેટાના ખાખી જાળીયા ગામે રહેતા નટુભાઈ કરમુર અને મેરામણભાઇ નટુભાઈ કરમુર સહિત બંને પિતા પુત્ર વેપારીએ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેની ભાયાવદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગિરીશભાઈ કાસુન્દ્રાને આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા ડેરીના સંચાલક નટુભાઈ પાસેથી ૪,૦૦,૦૦૦ માસિક ૭ ટકે અને દોઢ લાખ રૂપિયા માસિક ૮% લેખે વ્યાજે લીધા હતા જે પેટે અત્યાર સુધીમાં ૭.૨૦ લાખ વ્યાજ પેટે ચૂકવ્યા હતા.

# વાંકાનેર તાલુકાના જાલીડા નજીક પોલીસને જોઇને સ્કોર્પીઓ ચાલક ફરાર, ૬૫૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપાયો

## કાર અને દારૂ સહીત ૨.૮૦ લાખનો મુદામાલ પોલીસે જપ્ત કર્યો

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

વાંકાનેર તાલુકાના જાલીડા ગામ નજીક પોલીસે પીછો કરતા સ્કોર્પીઓ કાર મૂકી ચાલક નાસી ગયો હતો જે કારની તલાશી લેતા કારમાંથી ૬૫૦ લીટર દેશી દારૂ મળી આવતા દારૂ અને કાર સહીત ૨.૮૦ લાખનો મુદામાલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ ચલાવી છે વાંકાનેર તાલુકા પોલીસ ટીમ બાઉન્ડ્રી નજીક પેટ્રોલિંગમાં હોય દરમિયાન દેશી દારૂ ભરેલ સ્કોર્પીઓ કાર નીકળતા તેને રોકવાનો પ્રયાસ કરતા કાર ચાલકે ઉભી રાખી ના હતી જેથી પોલીસે ફિલ્મી ઢબે સ્કોર્પીઓ કારનો પીછો કરી યોથો જે કાર ચાલક જાલીડા ગામની સીમમાં કાર જીજે ૦૩ સીએ ૦૭૪૭ વાળી રેઢી મૂકી નાસી ગયો હતો પોલીસે કારની તલાશી લેતા કારમાંથી દેશી દારૂ ૬૫૦ લીટર કીમત રૂ ૧,૩૦,૦૦૦ મળી આવતા કાર અને દારૂ સહીત કુલ રૂ ૨,૮૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો રેડ દરમિયાન કાર ચાલક નાસી જતા પોલીસ મથકમાં આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે



# મોરબીના ચાચાપર ગામે ભૂલથી ઝેરી દવા પી લેતા યુવાનનું મોત

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

ચાચાપર ગામની સીમમાં વાડીએ ઘાસમાં નાખવાની દવા ભૂલથી પી લેતા ૩૮ વર્ષના યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં સારવારમાં મોત થયું હતું

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ચાચાપર ગામે રહેતા અરવિંદભાઈ કેશવજીભાઇ સનીયારા (ઉ.વ.૩૮) નામના યુવાન ગત તા. ૦૪ ના રોજ વાડીએ ઝેરી દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં સારવાર માં યુવાનનું મોત થયું હતું બનાવ અંગે પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૃતક યુવાન વાડીએ હત અને ખેતરમાં ચણાનું વાવેતર કર્યું હતું જેમાં ઘાસ થઇ જતા ઘાસ બાળવાની દવા પાણીમાં ઓગાળી હતી જે ભૂલથી પી લેતા યુવાનનું મોત થયું હતું મોરબી તાલુકા પોલીસે બનાવ મામલે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

# ટંકારાની બજારમાં બાઈક અચાનક સળગી ઉઠ્યું, લોકોમાં ભયનો માહોલ

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

ટંકારાની મેઈન બજારમાં બપોરના સમયે એક બાઈકમાં અચાનક આગ લાગી હતી બાઈક ભડભડ સળગી ઉઠતા ખરીદી અર્થે આવેલા ગ્રાહકોમાં ભયનો માહોલ છવાયો હતો સદનસીબે બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી

ટંકારા દેરી નાકા રોડ પરના શો રૂમ પાસે એક બાઈકમાં ઓચિંતી આગ લાગી હતી અને



આગ લાગતા બાઈક સળગવા લાગ્યું હતું જેથી સ્થાનિક વેપારીઓ પાણી છાંટી આગ પર કાબુ મેળવવામાં લાગી ગયા હતા પરંતુ આગ કાબુમાં નહિ આવતા વેપારીએ ફાયર સેફ્ટીના બાટલાની મદદથી આગ કાબુમાં લીધી હતી બાઈક સળગી ઉઠ્યું તેની નજીકમાં કપડાની દુકાન હતી જેથી થોડીવાર માટે વેપારીઓ સહીત સૌ કોઈના જીવ પડીકે બંધાયા હતા પરંતુ સમયસર આગ પર કાબુ મેળવી લેતા દુર્ઘટના ટળી હતી અને બનાવમાં કોઈ જાનહાની ના થતા વેપારીઓ રાહતનો શ્વાસ લીધો હતો

# રાજકોટમાં ભાજપના મહિલા કાઉન્સિલરને ગોળી વાગતાં સારવાર હેઠળ

રાજકોટ,તા.૬

રાજકોટમાં મહિલા ભાજપ કાઉન્સિલરને આકસ્મિક રીતે પગમાં ગોળી વાગી જતાં સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે. રાજકોટ ભાજપ કાઉન્સિલર અનિતાબેન ગોસ્વામીને આકસ્મિક રીતે પગમાં ગોળી વાગી હતી. કબાટમાંથી ઘરેણાં કાઢતી વખતે બંદૂક પડી જતાં અચાનક ગોળી છુટી ગઈ હતી અને ગોળી તેમના પગમાં વાગી હતી અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.અનિતાબેન ગોસ્વામી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૧૭ ના ભાજપ



કાઉન્સિલર છે. રાજકોટમાં ભાજપ મહિલા કાઉન્સિલર અનિતાબેનને પગમાં ગોળી વાગી હતી. ઘરમાં કબાટમાંથી દાગીના કાઢતી વખતે, તેના પતિની લાઈસન્સવાળી બંદૂક પડી ગઈ અને અચાનક ગોળી વાગી અને તેને પગમાં ગોળી વાગી અને તેના પગમાંથી ખૂબ લોહી વહેતું હોવાથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી. ભક્તિનગર પોલીસે ગુનો નોંધીને સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ ભાજપ મહિલા કાઉન્સિલર અનિતાબેન ગોસ્વામી લગ્નમાં જવા માટે કબાટમાંથી ઘરેણાં કાઢી રહ્યા હતા ત્યારે અચાનક તેમના પતિની લાઈસન્સવાળી બંદૂક પડી ગઈ અને બંદૂક નીકળી ગઈ, ત્યારબાદ અનિતાબેનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. બંદૂકમાંથી એક રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનું જાણવા મળ્યું.

# મોરબીના જુના ઘૂટું રોડ પર ટ્રેઈલર અને બાઈક અથડાયા, ભત્રીજાની નજર સામે ભાઈજીનું મોત

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

જુના ઘૂટું રોડ પરથી ભાઈજી અને ભત્રીજો બાઈક લઈને જતા હતા ત્યારે ટ્રેઇલર ચાલકે બાઈકને ઠોકર મારતા ભત્રીજાને ઈજા પહોંચી હતી જયારે ભાઈના માથા અને હાથ પગ પરથી વ્હીલ ફરી વળતા ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતું

મોરબીના શનાળા રોડ પર ઉમિયા સર્કલ પાસે રહેતા મનસુખ કાનજીભાઈ સતવારાએ ટ્રેઇલર આરજે ૦૧ જીબી ૮૯૧૯ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદીના મોટાભાઈ દેવજીભાઈ અને દીકરો પ્રકાશ બંને ગત તા. ૦૪ માર્ચના રોજ બાઈક લઈને રણછોડનગર અમૃત પાર્ક સોસાયટીથી ઘૂટું રોડ રામનગરી સોસાયટી જતા હતા ત્યારે જુના ઘૂટું રોડ પર વોકળા નાલા પાસે ટ્રેઇલર ચાલકે બાઈકને હડફેટે લીધું હતું જે અકસ્માતમાં ફરિયાદીના દીકરા પ્રકાશને ઈજા પહોંચી હતી જયારે ફરિયાદીના મોટાભાઈ દેવજીભાઈનું માથું તેમજ હાથ અને પગ વ્હીલ નીચે ચૂંદી નાખતા સ્થળ પર મોત થયું હતું મોરબી તાલુકા પોલીસે બનાવ મામલે વધુ તપાસ ચલાવી છે

# સમૃદ્ધ ગુજરાતમાં ૭૬ લાખ પરિવાર મફત અનાજ ઉપર નિર્ભર

અમદાવાદ,તા.૬

ગુજરાતની ઓળખ દેશમાં સમુદ્ધ રાજ્ય તરીકે થઈ છે. એટલું જ નહીં, ગુજરાત મોડેલ દેશના અન્ય રાજ્યો પણ અપનાવી રહ્યાં છે તેવો પણ વારંવાર દાવો કરવામાં આવે છે. ત્યારે હકીકત એ છે કે, વાઈબ્રન્ટ ગુજરાતમાં ગરીબી હવે ચરમસીમાએ પહોંચી છે. ખુદ ગુજરાત સરકારે જ જાહેર કર્યું છે કે, ૭૬ લાખ કુટુંબો મફત અનાજ મેળવે છે. લાખો લોકો દારુણ પરિસ્થિતીમાં જીવી રહ્યાં છે. બે ટંક ખાવાના ફાંફા છે ત્યારે અડધું ગુજરાત મફત અનાજ મેળવવા મજબૂર બન્યુ છે. કમનસીબી એ છે કે, રાજ્ય સરકાર લાજવાને બદલે આ સ્થિતીને સિદ્ધિ ગણાવી રહી છે.

રાજ્યમાં અનેક સરકારી યોજના અમલમાં છે. દર વર્ષે સરકાર લાખો કરોડો રૂપિયા સરકારી યોજના પાછળ વાપરી રહી છે તેમ છતાંય ગરીબીએ જાણે ગુજરાતનો પીછો છોડ્યો નથી. રાજ્ય સરકારના જ આંકડા મુજબ, છેલ્લાં બે વષમાં ગુજરાતમાં ૧ ૩૫૯ ગરીબ પરિવારો વધ્યાં છે. સાબરકાંઠા, પંચમહાલ, બનાસકાંઠા, આણંદ, જૂનાગઢ અને દાહોદમાં ગરીબ પરિવારોની સંખ્યા વધુ છે. સરકાર ભલે દાવા કરે પણ ગુજરાતમાં ગરીબીનું ચિત્ર સુધર્યુ નથી.

ભાજપના નેતાઓએ ગરીબીના મુદ્દે વિપક્ષને ભાંડવામાં કસર છોડી નથી. હવે જ્યારે ભાજપ સત્તાના સિંહાસને છે તેમ છતાંય ગરીબી દૂર થઈ શકી નથી. ગુજરાતમાં ગરીબી નિવારણ કાર્યક્રમ પણ કાગળ પર જ હોય તેમ લાગી રહ્યુ છે. વિકસિત ગુજરાત, વાઈબ્રન્ટ ગુજરાત, સમૃદ્ધ-શાંત ગુજરાતની ડીંગો હાંકવામાં આવી રહી છે. ત્યારે રાજ્ય સરકારે બુધવારે (પાંચમી માર્ચ) એવી સિદ્ધી વર્ણવી કે, વર્ષ ૨૦૨૪માં ૨૧.૯૧ લાખ ટન મફત અનાજ વહેચવામાં આવ્યુ હતું, જેની કિંમત ૭૫૨૯ કરોડ રૂપિયા થવા જાય છે. મફત અનાજ વિતરણ યોજનાનો ૩.૭૨ કરોડ લોકો લાભ લઈ રહ્યાં છે. અડધું ગુજરાત મફત અનાજ લેવા મજબૂર છે, ત્યારે આ સ્થિતીને સરકાર સિદ્ધિ ગણાવી રહી છે. સુખ સમૃદ્ધિની વાતો વચ્ચે આજે શહેરોમાં રોજ ૩૨ રૂપિયા અને ગામડાઓમાં રોજ ૨૬ રૂપિયા વાપરી શકે તેવી પણ લોકોની સ્થિતી રહી નથી. આ જ દર્શાવે છે કે, ગુજરાતમાં ગરીબીનો આંક વધી રહ્યો છે છતાં પણ સરકાર મફત અનાજના નામે વાહવાહી મેળવી રહી છે.

# મોરબીની લીલાપર ચોકડીએ જમીન જોવા જતા બે ઈસમોએ માર મારી ધમકી આપી

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

લીલાપર ચોકડીએ આવેલ જમીનમાં આરોપીએ દબાણ કરેલ હોવાથી આધેડ જમીન જોવા જતા સારું નહિ લાગતા બે ઇસમોએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

મોરબીના ઉમિયા ચોક રવાપર રોડ પર રહેતા ધર્મેન્દ્રભાઈ ભગવાનજીભાઈ દેત્રોજાએ આરોપી દિવ્યેશ કાંતિલાલ સોરીયા રહે મોરબી અને એક અજાણ્યા ઇસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદી ધર્મેન્દ્રભાઈની જમીન આરોપી દિવ્યેશ સોરીયાના કારખાના પાસે આવેલ છે જે બાબતે બે વર્ષથી દાવો ચાલુ છે છતાં આરોપી જમીનમાં દબાણ કરતો હોવાથી ફરિયાદી પોતાની જમીનની સ્થિતિ જોવા ગયા હતા જે સારું નહિ લાગતા લીલાપર ચોકડીએ આરોપી દિવ્યેશ અને અજાણ્યા ઇસમેં આવી ધારિયાનો ઊંઘો ઘા મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ગાળો આપી હતી મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# દરેક ચોથા શબ્દે શું અભિનંદન બોલે રાખો છો, ગુણગાન ગાતા ધારાસભ્યોને અધ્યક્ષે ટકોર કરી

ગાંધીનગર,તા.૬

ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા બજેટ સત્રમાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન આજે ગુરુવારે ધારાસભ્યો દ્વારા તેમના નેતાઓને વારંવાર આપવામાં આવતા અભિનંદન અને શુભેચ્છાઓ મુદ્દે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ ગૃહના તમામ ધારાસભ્યોની ટકોર કરી હતી. શંકર ચૌધરીએ ધારાસભ્યોને ટકોર કરી કે, પ્રશ્નોત્તરી કાળ પ્રજાના પ્રશ્નો ઉકેલવાનો સમય હોવાથી આ દરમિયાન પ્રજાના પ્રશ્નોને પ્રાધાન્ય આપવું જોઈએ. સરકારની ટીકા કે અભિનંદનમાં સમયનો બગાડ કરવો નહીં. વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળનો સમય ખૂબ જ કિંમતી હોય છે. જેમાં જનતાના પ્રશ્નોની ચર્ચા કરીને તેનો ઉકેલ લાવવાની જરૂર છે.'ધોરાજીના ભાજપના ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયાએ પ્રશ્નોત્તરી કાળમાં સવાલ કરવાની જગ્યાએ એક મિનિટ સુધી પોતાના ક્ષેત્રમાં ત્રણ નગર પાલિકામાં



મહિલા પ્રમુખની નિયુક્તિને લઈને ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. જેને લઈને અધ્યક્ષ શંકર ચૌધરીએ તેમને અટકાવ્યા હતા અને કહ્યું હતું કે, 'તમે અહીં ખુશી વ્યક્ત કરો પણ ટૂંકમાં, નહિતર સમય પૂરો થઈ જશે.'

શંકર ચૌધરીએ કહ્યું કે, 'ફક્ત અભિનંદન આપવા માટે વિધાનસભાનો સમય ન બગાડો. એક કલાકના પ્રશ્નોત્તરીકાળમાં ભાજપના ધારાસભ્યો નાગરિક હિતના પ્રશ્નોને બદલે દરેક ચોથા-પાંચમા શબ્દે અભિનંદન અભિનંદન બોલે રાખે છે... પ્રશ્નોત્તરીકાળ પ્રજાના પ્રશ્નો અને સમસ્યાને વાંચા આપવા માટે છે. જેમ અભિનંદન આપવાના નથી એમ ટીકા પણ કરવાની નથી. અભિનંદન-ટીકા માટે રાજ્યપાલ, અંદાજ પત્રની ચચાર્ઓમાં પૂરતો સમય હોય જ છે. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન આનાથી દૂર રહેવું.'જ્યારે રાજકોટના ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ અને કોંગ્રેસના ડો. તુષાર ચૌધરી પણ આ પ્રકારની ભૂલ કરતા જોવા મળતાં વિધાનસભા અધ્યક્ષે તેમને જણાવ્યું હતું કે, 'પ્રશ્નોત્તરી કાળ ખુબ જ મહત્ત્વનો છે, તેને વેડફવો ન જોઈએ

# એમએસ યુનિ.ની વિદ્યાર્થિનીને બ્લેકમેલ કરી વિધર્મી વકીલે દુષ્કર્મ આચર્યું

વડોદરા,તા.૬

વડોદરામાં એમએસ યુનિવર્સિટીની વિદ્યાર્થીનીને બિનહિન્દુ (વિધર્મી) વકીલ દ્વારા બ્લેકમેઈલ કરીને બળાત્કાર કરવાની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. પીડિત વિદ્યાર્થી ટ્યુશન ક્લાસમાં હાજરી આપવા માટે વિધર્મી વકીલના ઘરે જતો હતો. જ્યાં વિધર્મી વકીલ કાસમ ચૌહાણે વિદ્યાર્થીનીનો ફોટો લીધો અને તેને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું. આ પછી, વિધર્મી કાસમ ચૌહાણ વિદ્યાર્થીનીને વારંવાર ધમકી આપીને ફરવા લઈ જતો હતો અને વિદ્યાર્થીનીને ખેતરમાં અજાણી જગ્યાએ લઈ જતો હતો અને તેના પર બળાત્કાર કરતો હતો. અટલાદરા પોલીસે ૨૮ વર્ષીય એડવોકેટની ધરપકડ કરી કાયર્વાહી કરી છે.

વિધર્મી વકીલ કાસમે વિદ્યાર્થીને ધમકી આપી હતી કે, 'જો તું મારી સાથે સંબંધ નહીં રાખે તો હું તારો ફોટો વાયરલ કરી દઈશ', આ ધમકીને કારણે વિદ્યાર્થી ડરી ગયો. આ તકનો લાભ લઈને, વિધર્મી કાસમે વિદ્યાર્થીની પર એક કે બે વાર નહીં પરંતુ ઘણી વખત બળાત્કાર ગુજાર્યો. આ ઘટના અંગે પોલીસે ફરિયાદ નોંધાવ્યા બાદ, અટલાદરા પોલીસે વકીલ કાસમ ચૌહાણ વિરુદ્ધ બળાત્કારનો કેસ નોંધીને તેમની ધરપકડ કરી હતી. આ પછી, અટલદરા પોલીસ સ્ટેશન ખાતે હિન્દુ સંગઠનોની મોટી ભીડ એકઠી થઈ ગઈ.

અટલાદરા પોલીસે ૨૮ વર્ષીય એડવોકેટની ધરપકડ કરી છે, જેણે વડોદરાની એમએસ યુનિવર્સિટીમાં બી.કોમના પ્રથમ વષર્માં અભ્યાસ કરતી પાદરાની ૧૯ વર્ષીય વિદ્યાર્થીનીને બ્લેકમેલ કરીને વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. મંગળવારે સાંજે છઝૅ અશોક રાઠવાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને આરોપી એડવોકેટ કાસમની ધરપકડ અંગે માહિતી આપી હતી. આ કેસમાં પીડિતા ૧૯ વર્ષની છે અને પાદરા તાલુકામાં રહે છે અને હાલમાં એમએસ કસ્ટડીમાં છે. તે યુનિવર્સિટીના પ્રથમ વષર્ના બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહી છે.

પીડિતા જ્યારે ધોરણ ૧૧-૧૨માં અભ્યાસ કરતી હતી, ત્યારે આરોપી કાસમ સલીમભાઈ ચૌહાણના ઘરે ટ્યુશન ક્લાસ ચલાવતો હતો. પીડિતા સાંજે ૫ થી ૬ વાગ્યા સુધી આરોપીના ઘરે ટ્યુશન ક્લાસ માટે જતી હતી. બંને બપોરે ૧૨ વાગ્યાથી ફોન પર એકબીજાના સંપકર્માં હતા. લગભગ ૬ મહિના પહેલા, કાસમે પીડિતાને ફોન કરીને બહાર ફરવાની વ્યવસ્થા કરી હતી અને બંને બાઈક પર ફરવા ગયા હતા. જ્યાં તે તેણીને અજાણી જગ્યાએ લઈ ગયો અને ધમકી આપી કે તે અમારા દ્વારા અગાઉ લેવાયેલો ફોટો વાયરલ કરી દેશે. કાસમે તેના પર બળાત્કાર ગુજાર્યો અને ધમકી આપી કે જો તે તેની સાથે સંબંધ નહીં રાખે તો તે ફોટો વાયરલ કરી દેશે.

# માળિયાના ખીરઈ ગામે પોલીસ પર હુમલો કરનાર ઈસમ વિરુદ્ધ વધુ એક ગુનો નોંધાયો

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

ખીરઈ ગામે પોલીસ ટીમ પર હુમલો કરનાર આરોપીઓને પોલીસે ઝડપી લઈને તપાસ ચલાવી હતી પોલીસ કોમ્બિંગ દરમીયાન મુખ્ય આરોપીના મકાનમાંથી હથિયારો મળી આવતા હથિયાર અંગે અલગથી ગુનો નોંધવામાં આવ્યો છે

માળિયા પોલીસે આરોપી ઇકબાલ ઉર્ફે ઇકો હાજી મોવર વિરુદ્ધ જીપી એકટની કલમ ૩૭ (૧), ૧૩૫ મુજબ ગુનો નોંધ્યો છે જેમાં આરોપીના મકાનમાંથી લાકડાના ધોકામાં ફીટ કરેલ ફરસી નંગ ૦૧ કીમત રૂ ૫૦, ચાર નંગ સ્ટીલની લાકડાના હાથ અને પ્લાસ્ટિક હાથ ફીટ કરેલ છરીઓ, લોખંડ પાઈપ, ધારિયું સહિતના હથિયાર મળી આવતા હથિયાર અંગે અલગથી ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે

# ટંકારા નગરનાકા પાસેથી રિવોલ્વર અને ૫ જીવતા કાર્ટીસ સાથે એક ઝડપાયો

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

ટંકારા નગરનાકા પાસેથી પોલીસે રિવોલ્વર અને ૫ નંગ જીવતા કાર્ટીસ સાથે એક ઈસમને ઝડપી લીધો હતો હથિયાર પરવાના ભંગ સબબ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે

ટંકારા પોલીસ મથકમાં ફરજ બજાવતા ભાવેશકુમાર વરમોરાએ આરોપી દુર્ગેશ કાંતિભાઈ સગપરીયા રહે રાજકોટ સરદાર મેઈન રોડ સાધના સોસાયટી વાળા વિરુદ્ધ આર્મ્સ એકટની કલમ ૩૦ અને જીપી એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરિયાદ નોંધાવી છે કે આરોપી દુર્ગેશ પાસે લાયસન્સ વાળી રિવોલ્વર હથિયાર જે રાજકોટ સીટી પુરતો પરવાનો હોવાનું જાણતો હોવા છતાં હથિયાર પોતાની પાસે રાખી મોરબી જીલ્લાના ટંકારા નગર નાકા પાસેથી રિવોલ્વર નંગ ૦૧ કીમત રૂ ૧૦ હજાર અને ૫ જીવતા કાર્ટીસ કીમત રૂ ૫૦૦ સહીત ૧૦,૫૦૦ ના મુદામાલ સાથે ઝડપાયો હતો જે આરોપીએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના હથિયાર પરવાનાનો ભંગ કરી તેમજ મોરબી જીલ્લા મેજીસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાંનો ભંગ કર્યાની ફરિયાદ નોંધાવી છે ટંકારા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ ચલાવી છે

# જામનગરમાં રેન્જ આઈ.જી.ની અદયક્ષતામાં ત્રણ નવા કાયદાની અમલવારીની ચર્ચા અર્થે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

(નયના દવે દ્વારા)
જામનગર તા.૬:

જામનગરમાં ગઈકાલે રાજકોટ રેન્જ ના આઈજી અશોકકુમાર યાદવના અદયક્ષ સ્થાને હાલારના બન્ને જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની બેઠક મળી હતી. જેમાં તાજેતરમાં બદલાયેલા ત્રણેય ભારતીય કાયદાઓના અમલીકરણમાં લોકો તેમજ પોલીસ સ્ટાફને પડતી મુશ્કેલી અને તેના નિવારણ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

રાજકોટ રેન્જ આઈજીના અધ્યક્ષ સ્થાને જામનગરની એસ.પી. કચેરીના કોન્ફરન્સ હોલ માં ગઈકાલે મળેલી બેઠકમાં જામનગરના એસપી પ્રેમસુખ ડેલુ, દ્વારકાના એસપી નિતેશ પાંડે, જામનગર શહેરના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા અને ગ્રામ્ય વિભાગના ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા તેમજ દ્વારકા જિલ્લાના ડીવાયએસપીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ બેઠકમાં ભારતીય ન્યાય સંહિતા (જુની આઈપીસી)ની કલમો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (જુની સીઆરપીસી), ભારતીય પુરાવા અધિનિયમ (એવીડન્સ એક્ટ)ની અમલવારી અંગે રેન્જ આઈજીએ અધિકારીઓના અભિપ્રાયો જાણ્યા હતા, તેમજ ચાર્જશીટના નિયમો અને પુરાવાના અધિનિયમના પાલન માટે સ્ટાફને પડતી તકલીફોની સમીક્ષા કરવા અને અમલીકરણને વધુ સરળ બનાવવા અધિકારીઓને સુચના આપી હતી.

### અકસ્માતમાં ૬ લોકોના મૃત્યુ

# અમદાવાદથી રાજસ્થાન જઈ રહેલી કારને આબૂ રોડ પર અકસ્માત નડયો

સિરોહી, તા. ૬

રાજસ્થાનના સિરોહી જિલ્લાના આબૂરોડ સદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કિવરલી પાસે ગુરુવાર સવારે લગભગ વહેલી સવારે ૩ વાગ્યે ભયંકર અકસ્માત થયો હતો. જેમાં ૬ લોકોના મૃત્યુ થયા છે. મૃતકોમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. આ ઉપરાંત એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. જેને સારવાર માટે સિરોહી હોસ્પિટલમાં રેફર કરવામાં આવી છે. ઘટનાની જાણકારી મળતા સીઓ ગોમારામ,પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દર્શન સિંહ, એસઆઈઓ ગોકુલરામ, હેડ કોન્સ્ટેબલ વિનોદ સહિત કેટલાય પોલીસ અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટનાની જાણકારી લીધી હતી.

સીઓ ગોગારામે જણાવ્યું કે, જાલોરના રહેવાસી લોકો કારમાં બેસીને અમદાવાદથી જાલોર થઈ રહ્યા હતા. ત્યારે નેશનલ હાઈવે ૨૭ પર આબૂરોડ સદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કિવરલી ગામ નજીક જઈ રહેલી ટ્રોલી સાથે કાર અથડાઈ હતી. દુર્ઘટના એટલી ભયંકર હતી કે કારમાં સવાર ૪ લોકના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા. તો વળી ૨ લકોના સારવાર દરમ્યાન મૃત્યુ થયા છે. ઘટનામાં એક મહિલા ઘાયલ છે, જેને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી રાજકીય હોસ્પિટલ આબૂ રોડ લઈ જવામાં આવી છે. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને સિરોહી રેફર કરવામાં આવ્યા છે. મૃતકોના મૃતદેહોને મોર્ચરીમાં રાખવામાં આવ્યા છે. પરિવારને આ દુર્ઘટના અંગે સૂચના આપી દેવામાં આવી છે.

હેડ કોન્સ્ટેબલ વિનોદ લાંબાએ જણાવ્યું કે તેઓ નાઈટ હાઈવે પેટ્રોલિંગ પર હતા. દરમિયાન, કિવરલીની આગળ, એક પ્રચંડ વિસ્ફોટનો અવાજ સંભળાયો. આ વાત સાંભળતાં જ તેઓ માત્ર ૨ મિનિટમાં ઘટનાસ્થળે પહોંચી ગયા અને એમ્બ્યુલન્સ અને ઉચ્ચ અધિકારીઓને ઘટનાની જાણ કરી. ઘટનાસ્થળે ક્રેન બોલાવવામાં આવી હતી અને ટ્રોલીમાં ફસાયેલી કારને બહાર કાઢવામાં આવી હતી. મૃતકોના મૃતદેહને બહાર કાઢવા માટે કારના દરવાજા તોડી નાખવામાં આવ્યા હતા. લગભગ ૪૦ મિનિટની મહેનત પછી મૃતદેહો બહાર કાઢી શકાયા.

કિવરલીમાં થયેલા માર્ગ અકસ્માતમાં મૃતકો બધા જાલોર જિલ્લાના રહેવાસી છે અને પ્રજાપતિ સમુદાયના છે. મૃતકોમાં પતિ, પત્ની અને પુત્રનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ઘાયલ થયેલા પરિવારમાં નરસારામના પુત્ર નારાયણ પ્રજાપતિ (૫૮), તેમની પત્ની પોશી દેવી (૫૫) અને તેમનો પુત્ર દુષ્યંત (૨૪), જે જાલોરના કુમ્હારો કા વાસના રહેવાસી છે, તેમજ ડ્રાઈવર કાલુરામ (૪૦), પ્રકાશ ચંદ્રાયનો પુત્ર, કાલુરામ ચંદ્રાયનો પુત્ર યશરામ (૪) અને પુખરાજ પ્રજાપતનો પુત્ર જયદીપનો સમાવેશ થાય છે. જાલોરના રહેવાસી પુખરાજની પત્ની દરિયા દેવી (૩૫) પણ ઘાયલ થઈ છે, જેમની સારવાર સિરોહીમાં ચાલી રહી છે.

# વાંકાનેરના તીથવા ગામે જાહેરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૬:

તીથવા ગામે જાહેરમાં જુગાર રમતા ત્રણ ઇસમોને ઝડપી લઈને પોલીસે સ્થળ પરથી રૂ ૨૫૧૦ ની રોકડ રકમ જપ્ત કરી છે વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન તીથવા ગામે કોળીવાસમાં રેડ કરી હતી જ્યાં જાહેરમાં જુગાર રમતા જીવણ દેવજીભાઈ મેસરિયા, ગોવિંદ સંધાભાઇ મેસરિયા અને મગન કરશનભાઈ સાથલીયા એમ ત્રણને ઝડપી લઈને રોકડ રૂ ૨૫૧૦ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

# જામનગર શહેર અને જામજોધપુરના નરમાણામાં બે યુવાનોના છૂટાછેડા થઈ જતાં આત્મહત્યા

(નયના દવે દ્વારા) જામનગર તા.૬:

જામનગર શહેર અને નરમાણા ગામમાં બે યુવકોના છૂટાછેડા થઈ જવાથી મનમાં લાગી આવ્યું છે, અને બંને યુવાનોએ ગળાફાંસા દ્વારા પોતાની જીવન લીલા સંકેલી લીધી છે. જામનગરના સતવારા યુવાને તેમજ નરમાણા ગામના દલિત યુવાને આત્મહત્યાનું પગલું ભરી લીધું છે.

જામનગરમાં ગુલાબ નગર નજીક શાક માર્કેટ વાળા ઢાળિયા પાસે રહેતા અને છૂટક મજૂરી કામ કરતા ચેતન રમેશભાઈ કણજારીયા નામના ૩૨ વર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘેર પંખા ના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંષા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ ધર્મેશ રમેશભાઈ કણજારીયા એ પોલીસને જાણ કરતાં પીએસઆઇ જે.પી. સોઢા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવાનના આજથી દોઢ મહિના પહેલા છૂટાછેડા થઈ ગયા હતા,જેના કારણે તેને મનમાં લાગી આવતાં આ પગલું ભરી લીધા નું પોલીસમાં જાહેર થયું છે.ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો બીજો બનાવ જામજોધપુર તાલુકાના નરમાણા ગામમાં બન્યો હતો. જયાં રહેતા સંજય રાજેશભાઈ વાલવા નામના ૩૧ વર્ષના દલિત યુવાને પોતાના ઘેર દોરી વડે પતરાના પાઇપ માં ગળાફાંસો ખાઈ લઇ આત્મહત્યા કરી લીધી છે. આ બનાવવા અંગે મૃતકના મોટાભાઈ હરેશ રાજેશભાઈ વાલવા એ પોલીસને જાણ કરતાં શેઠ વડાળાના પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.પી. જાડેજા બનાવવા સ્થળે દોડી ગયા હતા,

# ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ સીરિઝ રમાશે: લાહોર ગયેલા બીસીસીઆઇ અધિકારીએ માહિતી આપી

નવીદિલ્હી,તા.૬

ભારત અને પાકિસ્તાન વચ્ચે સીરીઝ ક્યારે શરૂ થશે? લાહોરમાં બીસીસીઆઇના અધિકારી રાજીવ શુક્લાએ પાકિસ્તાન મીડિયા દ્વારા પૂછવામાં આવેલા આ મોટા પ્રશ્નનો જવાબ આપ્યો. તેમણે આઇસીસી ઈવેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ પાકિસ્તાનની પણ પ્રશંસા કરી.

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ની બીજી સેમિફાઇનલ મેચ પાકિસ્તાનના લાહોરમાં રમાઈ હતી, જેને જોવા માટે બીસીસીઆઇના અધિકારી રાજીવ શુક્લા ગયા હતા. આ સાથે ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ શ્રેણી ફરી શરૂ થવા અંગે પણ પ્રશ્નો ઉભા થયા હતા.

લાહોરમાં મીડિયાને સંબોધતી વખતે બીસીસીઆઇના અધિકારી રાજીવ શુક્લાને આ વિશે પૂછવામાં આવ્યું હતું, જેનો તેમણે કોઈ સીધો જવાબ આપ્યા વિના જવાબ આપ્યો હતો. એટલું જ નહીં, રાજીવ શુક્લાએ પાકિસ્તાની મીડિયાના તે પ્રશ્નનો પણ જવાબ આપ્યો જેમાં તેમણે પૂછ્યું હતું કે શું ફાઇનલ દુબઈને બદલે લાહોરમાં ન હોવી જોઈએ?

પહેલા આપણે ભારત અને પાકિસ્તાન વચ્ચેની શ્રેણીના પ્રશ્ન પર આવીએ. પાકિસ્તાની મીડિયાએ રાજીવ શુક્લાને પૂછ્યું કે શું તેમને નથી લાગતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો બરફ હવે ઓગળવો જોઈએ અને બંને દેશો વચ્ચે શ્રેણી શરૂ થવી જોઈએ? આ પ્રશ્ન સાંભળ્યા પછી, રાજીવ શુક્લાએ પહેલા આઇસીસી ઈવેન્ટ્સ અને આંતરરાષ્ટ્રીય ટીમોનું આયોજન કરવા બદલ પાકિસ્તાનની પ્રશંસા કરી. પછી તેમણે ભારત-પાકિસ્તાન શ્રેણી અંગે જવાબ આપ્યો.રાજીવ શુક્લાએ કહ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે શ્રેણી શરૂ થવાનો આધાર બિલકુલ સ્પષ્ટ છે. જો સરકાર ઈચ્છે તો જ આ શક્ય બને. આ અંગેનો નિર્ણય ભારત સરકારના હાથમાં છે.બીસીસીઆઇ ભારત સરકાર જે કહેશે તે મુજબ કામ કરશે.

ભારત સામેની શ્રેણીની શરૂઆત અંગેના પ્રશ્નનો જવાબ પાકિસ્તાનને મળી ગયો. પણ લાહોરમાં યોજાનારી ફાઇનલ મેચ વિશે તેમણે પૂછેલા પ્રશ્નનું શું? લાહોરમાં ફાઇનલ યોજાવા અંગે પાકિસ્તાની મીડિયાના પ્રશ્ન પર રાજીવ શુક્લાએ કહ્યું કે જો ઓસ્ટ્રેલિયન ટીમ ભારતને હરાવી હોત તો જ આ શક્ય બન્યું હોત. એટલે કે, તે દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ની પહેલી સેમિફાઇનલ જીતી ગઈ હોત. પણ, એવું ન થયું.પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીનું યજમાન દેશ છે. પરંતુ આ આવૃત્તિમાં, તેની સફર ગ્રુપ સ્ટેજ પર જ સમાપ્ત થઈ ગઈ. પાકિસ્તાની ટીમ એક પણ મેચ જીતી શકી નહીં. પહેલા તે ન્યુઝીલેન્ડ સામે હાર્યું, પછી ભારત સામે. જ્યારે બાંગ્લાદેશ સાથેની છેલ્લી ગ્રુપ મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. જ્યારે, ભારતે ટુર્નામેન્ટમાં અપરાજિત રહીને ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

# એનએસએસ કણસાગરા કોલેજ દ્વારા ખોરાણા ગામે આજે લોકડાયરાનો કાર્યક્રમ

રાજકોટ, તા.૬

એનએસએસ કણસાગરા કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના શિબિર-૨૦૨૫ અંતર્ગત ખોરાણા ગામ (બેડી પાસે) આજે તા.૭ ના રોજ રાત્રે ૮ થી ૧૧ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી લોકસાગરના મોતી સાંસ્કૃતિક લોકડાયરો યોજાશે. નામાંકિત કલાકારો લલિતાબેન ઘોડાદ્રા, દિનેશ બાલાસરા, જયેશ દવે, પ્રવિણ આહીર તેમજ કોમલ રામાણી લોકસંગીતની રસલ્હાણ પીરસશે.

લોકસાહિત્ય, લોકસંગીત અને હાસ્યરસથી ભરપુર આ કાર્યક્રમ જાહેર જનતા માટે નિ:શુલ્ક યોજાઈ રહયો છે. કણસાગરા કોલેજના પ્રિન્સીપાલ ડો.જયોતિ રાજયગુરૂ અને એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડો.યશવંત ગોસ્વામી જણાવે છે કે સાત દિવસની આ એનએસએસ ખાસ શિબિર દરમ્યાન દરરોજ રાત્રે ૮ થી ૧૧ રંગમંચ પરથી નેશનલ ઈન્ટરનેશનલ કલાકારો દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમો સતત સાત દિવસ સુધી યોજાશે.

### એક સમયે જેનો દબદબો હતો તે

# સોમનાથનો એમ્બ્રોડરી ઉદ્યોગ આધુનિક યાંત્રિકીકરણની ઝપટમાં



(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૬

સોમનાથ-પ્રભાસ-પાટણમાં આવેલ ન.પા.કચેરીની બરાબર સામે આવેલ સંગમ એમ્બ્રોઈડરી દુકાન પોતાના એમ્બ્રોઈડરીના ધંધાને ટકાવવા બલ્કે રોજીરોટી મેળવવા સંઘર્ષ કરી રહ્યા છે. ૬૭ વર્ષના ધનસુખ રામજી ગોહેલ અને ૬૦ વર્ષના ભૂપત રામજી ગોહેલ કહે છે, અમારી દુકાન ૬૦ વર્ષથી છે જે કાળે આધુનિક મશીનોથી એમ્બ્રોઈડરી ન થતુ. તે કાળમાં અમે માત્ર દરજીની દુકાનમાં દેખાય છે તેવા સંચાથી એમ્બ્રોઈડરી કરતા અને આજે પણ અમો એ રીતે જ કરીયે છીએ.

### પાકિસ્તાનના સઈદ શકીલ સાથે વિચિત્ર ઘટના બની

# ડ્રેસિંગ રૂમમાં સૂઈ ગયો પાકિસ્તાની બેટ્સમેન, અમ્પાયરે આપ્યો આઉટ

ઈસ્લામાબાદ, તા.૬

પાકિસ્તાન ક્રિકેટ ટીમના બેટ્સમેન સઈદ શકીલ સાથે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં એક વિચિત્ર ઘટના બની છે. સઈદ શકીલ મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં સૂઈ ગયો હતો. તે બેટિંગ કરવા માટે મોડા ક્રિઝ પર પહોંચ્યો હતો અને આવી સ્થિતિમાં અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો હતો. જો બેટ્સમેન નિર્ધારિત સમયમાં ક્રિઝ પર ન પહોંચે તો તેને ટાઈમ આઉટ આપવામાં આવી શકે છે. આવું જ સઈદ શકીલ સાથે થયું હતું. જેના કારણે ૩ બોલમાં ૪ વિકેટ પડી હતી અને બોલરે હેટ્રિક પણ મેળવી હતી. પાકિસ્તાન ક્રિકેટમાં પ્રથમ વખત કોઈ ખેલાડીને ટાઈમ આઉટ આપવામાં આવ્યો છે.

પાકિસ્તાનની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થયાના થોડા દિવસો બાદ સઈદ શકીલે રાવલપિંડીમાં ઘરેલુ પ્રેસિડેન્ટ ટ્રોફીની ફાઈનલમાં ભાગ લીધો હતો. આ સમય દરમિયાન તે આ રીતે આઉટ થનાર ક્રિકેટરોની રેકોર્ડ બુકમાં પણ સામેલ થઈ ગયો છે. સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન માટે પાંચમા નંબર પર બેટિંગ કરવા આવેલા શકીલને સમયસર બેટિંગ કરવા ન આવવાને કારણે ટાઈમ આઉટ જાહેર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન ટેલિવિઝન ટીમના ફાસ્ટ બોલર મુહમ્મદ શહઝાદે સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાનના કેપ્ટન ઉમર અમીન અને ફવાદ આલમને સતત બે બોલ પર આઉટ કર્યા હતા. આ પછી શકીલ ક્રિઝ પર આવ્યો, પરંતુ તેણે ત્રણ મિનિટથી વધુ સમય લીધો. ત્યારબાદ સામેની ટીમના કેપ્ટને ટાઈમ આઉટ માટે અપીલ કરી અને ઓન-ફીલ્ડ અમ્પાયરે અપીલ સ્વીકારી અને સઈદ શકીલને ટાઈમ આઉટ માનવામાં આવ્યો, જે ફર્સ્ટ-ક્લાસ ઈતિહાસમાં એક દુર્લભ ઘટના છે, કારણ કે તે આ રીતે આઉટ થનાર પ્રથમ પાકિસ્તાની બેટ્સમેન છે.

જો રિપોર્ટ્સનું માનીએ તો તે ડ્રેસિંગ રૂમમાં સૂઈ ગયો હતો. આવી સ્થિતિમાં તે ક્રિઝ પર મોડો પહોંચ્યો હતો. તે રમવા આવ્યો તે પહેલા બોલરે ૨ બોલ પર પ્રથમ બે બેટ્સમેનોને આઉટ કર્યા હતા. શકીલ ત્રીજા બોલ પહેલા જ ટાઈમ આઉટ થયો હતો અને પછીના બોલ પર તેને ફરીથી વિકેટ મળી હતી. આ રીતે બોલરે ૩ બોલમાં ૪ વિકેટ ઝડપી હતી. ૨૦૨૩ ના વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ સામે એન્જેલો મેથ્યુઝ પણ આ રીતે આઉટ થયો હતો.

# ૨૫ વર્ષ પછી ફરી એકવાર ભારત અને ન્યુઝીલેન્ડ ટાઈટલ મેચમાં આમને-સામને

નવીદિલ્હી,તા.૬

ચેમ્પિયન્સ ટ્રોફીનો ટાઈટલ મેચ ૯ માર્ચે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે. ભારતે સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું, જ્યારે ન્યુઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઈટલ મેચમાં પ્રવેશ કર્યો હતો. ૨૫ વર્ષ પછી, ફરી એકવાર આ બંને ટીમો આઈસીસી ના મર્યાદિત ઓવર ફોર્મેટના ટાઈટલ મેચમાં એકબીજાનો સામનો કરશે.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને ન્યુઝીલેન્ડ ગ્રુપ એમાં હતા. ભારતે ગ્રુપ સ્ટેજની છેલ્લી મેચમાં ન્યુઝીલેન્ડને હરાવ્યું હતું અને હવે આઠ દિવસના અંતરાલ પછી બંને ટીમો ફરી એકવાર એકબીજા સામે ટકરાશે. ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો બે વાર આઈસીસી ટુર્નામેન્ટની ફાઈનલમાં ટકરાઈ છે. બંને ટીમો છેલ્લે ૨૦૨૧ માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં એકબીજા સામે રમી હતી. વરસાદને કારણે છ દિવસ સુધી ચાલેલી ટાઈટલ મેચમાં ન્યુઝીલેન્ડનો ભારત પર વિજય થયો હતો અને કિવીઓએ ભારતીય ટીમને આઠ વિકેટથી હરાવી હતી.

રસપ્રદ વાત એ છે કે, બંને ટીમો છેલ્લી વખત ૨૦૦૦ માં આઈસીસી નોકઆઉટ ટ્રોફી (હવે ચેમ્પિયન્સ ટ્રોફી)મા આઈસીસી મર્યાદિત ઓવરના ફોર્મેટની ફાઈનલમાં રમી હતી. તે સમયે ન્યુઝીલેન્ડે ભારતને ચાર વિકેટથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. તે મેચમાં, સૌરવ ગાંગુલીના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમે ગાંગુલીના ૧૧૭ રન અને સચિન તેંડુલકરના ૬૯ રનની મદદથી ૫૦ ઓવરમાં છ વિકેટે ૨૬૪ રન બનાવ્યા હતા. જવાબમાં, સ્ટીફન ફ્લેમિંગના નેતૃત્વ હેઠળની ન્યુઝીલેન્ડની ટીમે સફળતાપૂર્વક લક્ષ્ય પ્રાપ્ત કર્યું. કિવીઝ માટે ક્રિસ કેર્ન્સે ૧૧૩ બોલમાં અણનમ ૧૦૨ રન ફટકાર્યા અને ભારત પાસેથી જીત છીનવી લીધી.

ત્યારથી, ન્યુઝીલેન્ડ ક્યારેય આઈસીસી વ્હાઈટ-બોલ ટુર્નામેન્ટ જીતી શક્યું નથી. ન્યુઝીલેન્ડની ટીમ ૨૦૧૫ અને ૨૦૧૯ વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ બંને વખત હારનો સામનો કરવો પડ્યો હતો. હવે, તેઓ રોહિત શર્માની આગેવાની હેઠળની ભારતીય ટીમનો સામનો બીજા એક ફાઈનલમાં કરશે, જે ટુર્નામેન્ટમાં અપરાજિત રહીને ટાઈટલ મેચમાં પહોંચી ગઈ છે.

૨ માર્ચે, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં એક મેચ રમાઈ હતી જેમાં ભારતે ન્યુઝીલેન્ડ માટે ૨૫૦ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. આ મેચમાં, વરુણ ચક્રવર્તીની આગેવાની હેઠળના ભારતીય સ્પિનરોના મજબૂત પ્રદર્શનને કારણે ટીમ ઈન્ડિયા લક્ષ્યનો બચાવ કરવામાં સફળ રહી. ચેમ્પિયન્સ ટ્રોફીની પોતાની પહેલી મેચ રમતા વરુણે પાંચ વિકેટ લીધી અને ન્યુઝીલેન્ડ લક્ષ્યથી ઓછું રહી ગયું.

# આવાસ યોજનાના ક્વાર્ટરમાં ભાડુતો જણાશે તો ભારેખમ દંડ

## ઈન્સ્ટોલમેન્ટ બેઝ આવાસમાં પુરી રકમ ભરાયા બાદ જ ભાડે આપી શકાશે

રાજકોટ, તા.૬

મ્યુનિ.કોર્પોરેશન દ્વારા નિર્માણ કરવામાં આવેલી અનેક આવાસ યોજનાઓમાં રહેલા ક્વાર્ટર ભાડે આપી દેવાની પ્રવૃતિ સામે તંત્ર દ્વારા દંડ અને સીલની કાર્યવાહી તો કરવામાં આવે છે પરંતુ અવારનવાર આવાસ ભાડે આપવાના ધંધા ચાલુ રહેતા હોય હવે આવી જગ્યાએ રૂા.૨૦ હજાર સુધીનો દંડ કરી, છેલ્લે આસામીની આવાસની ફાળવણી રદ્દ કરવા નિર્ણય લેવામાં આવશે. આવતીકાલે મળનારી સ્ટે.કમીટીની મીટીંગમાં કમિશ્નરે આ અંગેની દરખાસ્ત મોકલી છે. જે મંજૂર થયે આ પ્રવૃત્તિ સદંતર બંધ થાય તેવા પગલા લેવા પ્રયાસ કરાશે.

આજે સ્ટે.કમીટીનો એજન્ડા ચેરમેન જયમીન ઠાકરે બહાર પાડયો હતો. એજન્ડા પર કુલ ૫૭ દરખાસ્ત રહેલી છે. આ પૈકી આવાસ યોજના અંગેની દરખાસ્ત અંગે માહિતી આપતા પદાધિકારીઓએ જણાવ્યું હતુ કે, આવાસ યોજના ખાતે ભાડુઆત રહેતા હોવાના કિસ્સામાં અવાાસ સીલીંગની પ્રક્રિયા અને નવા ચાર્જ અંગે દરખાસ્ત મંગાવવામાં આવી છે. કોર્પો.ના અવાસ યોજના વિભાગ દ્વારા વિવિધ આવાસ યોજનાઓનો ડ્રો કરીને ફાળવણી કર્યા બાદ લાભાર્થી આવાસો સાત વર્ષ સુધી ભાડે આપી શકતા નથી. વિભાગ દ્વારા ચેકીંગ દરમ્યાન અને ફરિયાદો હેઠળ થતી કાર્યવાહીમાં મુળ લાભાર્થીઓના બદલે અન્ય આસામી રહેતા હોવાનુ બહાર આવે તો નોટીસ આપવામાં આવે છે. અરજદારનો જવાબ યોગ્ય ન લાગે તો આવાસ સીલ કરાય છે. નિયમ મુજબ ફાળવણી તારીખથી ૭ વર્ષ માટે આવાસ ભાડે આપી શકાતુ નથી. તો ઈન્સ્ટોલમેન્ટ બેઝ આવાસ યોજનામાં આવાસ કેટલા સમય માટે ભાડે આપી શકાય તેની સ્પષ્ટતા ન હોય આ અંગે પણ ધોરણ નિયત કરવાની જરૂર છે. આથી ભાડાની મુક્ત સીલ, સીલ ખોલવાની કાર્યવાહી અને ચાર્જ નક્કી કરવાનુ અનિવાર્ય છે. હવે સાત વર્ષ માટે આવાસ ભાડે આપી શકાશે નહીં. ઈન્સ્ટોલમેન્ટ બેઝ આવાસ યોજનામાં એલોટમેન્ટ લેટર ઈસ્યુ થયાના માસથી પૂરતી રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી ભાડે આપી શકાશે નહીં.

# દ્વારકા નજીક એસ.ટી. બસે કારને મારી ઠોકર

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૬

યાત્રાધામ દ્વારકા પાસેના ઓખામઢી ટોલપ્લાઝા નજીક આવેલ સુઈનેસ ગામના પાટીયા પાસે એક કારમાં પંચર થતા અને તેમા ટાવર બદલાવતા હતા ત્યારે સુરેન્દ્રનગરથી દ્વારકા તરફ આવતી એસ.ટી.બસે ઠોકર મારીને અકસ્માત કર્યો હતો



સદનશીબે કોઈ જાનહાની થઈ ન હતી.

# રજીસ્ટ્રેશન રિન્યુઅલ ન કરાવતા રીયલ એસ્ટેટ એજન્ટોને રેરાની નોટીસથી ખળભળાટ

## રાજકોટના ૨૧ સહિત ૭૯૮ને ૧૫ દિવસનું અલ્ટીમેટમ અન્યથા નોંધણી રદ કરવા ચેતવણી

રાજકોટ, તા.૬

રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં ગ્રાહકોના હિતોના રક્ષણ માટે રેરા કાયદો લાગુ પાડવામાં આવ્યા બાદ બિલ્ડરોથી માંડીને આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેકવિધ વર્ગો માટે નિયમનો અમલ છે ત્યારે રાજ્યના ૭૯૮ રીયલ એસ્ટેટ એજન્ટોને રેરાએ નોટીસ ફટકારી છે. રાજકોટના ૨૧ એજન્ટોનો તેમા સમાવેશ થાય છે. પાંચથી આઠ વર્ષ અગાઉ રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રીન્યુઅલની નહીં કરાવાતા તે પ્રક્રિયા કરવા ૧૫ દિવસનુ અલ્ટીમેટમ અપાયુ છે અન્યથા રજીસ્ટ્રેશન રદ કરી નાખવાની ચેતવણી આપવામાં આવી છે.

રેરા કાયદા હેઠળ બિલ્ડરો માટે તો અનેકવિધ નિયમનો લાગુ પાડવામાં આવ્યા જ હતા. સાથોસાથ રીયલ એસ્ટેટ એજન્ટો માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત કરવામાં આવ્યુ હતુ. એજન્ટો નોંધાયેલા હોય તો ગ્રાહકો સાથે કોઈ છેતરપીંડી કરી ન શકે અને કદાચ આવા કિસ્સા બને તો કાર્યવાહી થઈ શકે તેવો ઉદેશ હતો. રેરામાં એક વખત રજીસ્ટ્રેશન બાદ પાંચ વર્ષે તેનુ રીન્યુઅલ કરાવાયુ ન હોવાથી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ગુજરેરા દ્વારા આકરા એકશન શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરેરા દ્વારા ૧લી માર્ચે પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે જેમાં રજીસ્ટ્રેશન રીન્યુ નહિં કરાવનારા ૭૯૮ રીયલ એસ્ટેટ એજન્ટોનુ લીસ્ટ જારી કરવામાં આવ્યુ છે. આ તમામને ૧૫ દિવસમાં રીન્યુઅલ પ્રક્રિયા કરવાનુ અલ્ટીમેટમ અપાયુ છે. અન્યથા રજીસ્ટ્રેશન રદ કરવાની ચેતવણી આપવામાં આવી છે.

### મનપા દ્વારા રીકવરી ઝુંબેશ

# બાકીદારોની ૮ મિલ્કત સીલ: રૂા.૮૫.૪૫ લાખની કરાઈ રીકવરી

રાજકોટ, તા.૬

રાજકોટ મનપાના કમિશ્નરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગન ૮-મિલ્કતોને સીલ મારેલ, ૩૭ મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા, ૧ મિલ્કતને નોટીસ સામે રીવકરી થયેલ તથા ૨-નળ કનેકશન કપાત સામે રૂા.૮૫.૫૪ લાખની રીકવરી કરાઈ છે.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી, આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર, તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવે છે.

### કાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

# વેરાવળના ૮૨ વર્ષીય સરોજબેનનો ગૃહ ઉદ્યોગ દ્વારા મહિલાઓને પગભર કરવા પ્રયાસ



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૬

ગીરસોમનાથ-વેરાવળના યોગેશ્વર સોસાયટીમાં રહેતા ૮૨ વર્ષીય સરોજબેન દવે છેલ્લા ૧૫-૧૭ વર્ષથી અથાણા બનાવે છે અને ગીરની કેસર કેરીમાંથી બનેલા અથાણાઓ બનાવી ૧૦ થી ૧૫ બહેનોને રોજગારી આપે છે. મહિલા સંચાલીત આ ગૃહ ઉદ્યોગમાં બનતા અથાણા કોઈપણ જાતના કેમીકલ વગરના અને પ્રીઝરવેશન વગરના હોય છે. આ અથાણા અમદાવાદ, વડોદરા અને ત્યાંથી આવેલા વિદેશી ભારતીયો આ અથાણા લઈ જાય છે. થાક કે રુક જાના નહીં, તું કહીં હાર કે ની જેમ દિવાળી કે સાતમ-આઠમના તહેવારોમાં ઘરે બનાવેલા ફરસાણો અને મીઠાઈઓ પણ સપ્લાય કરે છે. મહિલા સંચાલિત આ ગૃહ ઉદ્યોગમાં તેઓ લોટ બાંધવો-મસાલા નાખવામાં જાતે પણ ભાગ લે છે તેમની સાથે ૧૦ થી ૧૫ બહેનો પણ કામ કરે છે.

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા શનિવારે કેન્સર નિદાન કેમ્પ

રાજકોટ, તા.૬

શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો.ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગુજરાતની નામાંકિત આસ્થા ટેકનોલોજી એશો. હેલ્થ કેર ગ્લોબલના સંયુકત ઉપક્રમે છેલ્લા એકદસકાથી સમગ્ર વિશ્વને ભરડામાં લઈ જેનાર રોગ કેન્સરને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ હાથ ધરાયો છે. પુજીત રૂપાણી ટ્રસ્ટના ઉપક્રમે આ નિદાનની સેવાનો રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર તથા કચ્છના પેશન્ટ પણ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવી લાભ લઈ શકશે. પરિણામે તેમનો અમદાવાદ જવા આવવાનો ખર્ચ તથા સમય બચી જશે. જે અંતર્ગત તા.૮ શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો.પરીન પટેલ પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ કિલ્લોલ, ૧-મયુરનગર, રાજકોટ મહાનગર પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ફોન નં.૨૭૦૪૫૪૫ ખાતે નિ:શૂલ્ક કેન્સર નિદાન કરી અપાશે. જેનો સમય સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધીનો રહેશે. રજીસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે.

આ કેમ્પમાં ગુજરાતના સુપ્રતિષ્ઠીત તબીબ ડો.પરીન પટેલ સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાના કેન્સરનુ નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેન ભટ્ટનો પુજીત રૂપાણી મેમો.ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયુ છે.

# બેટ દ્વારકામાં હોળી પર્વને લઈ મોટાવાહનો માટે પ્રવેશબંધી

(વિજય ધ્રુણા દ્વારા)મીઠાપુર, તા.૬

દેવભૂમી દ્વારકા જીલ્લાના બેટ દ્વારકા મુકામે હોળીના તહેવારને લક્ષમાં લઈને કોઈ જ ટ્રાફીક સમસ્યા ઉભી ન થાય તે માટે નવ દિવસ સુધી ખાનગી ભારેખમ વાહનોના પ્રવેશ પરપ્રતિબંધ ફરમાવેલ છે. આ માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ છે. તા.૮ ના સવારે ૮ વાગ્યાથી તા.૧૬ ના રાત્રે ૮ વાગ્યા સુધી આ પ્રતિબંધ ફરમાવેલ છે. એસ.ટી.બસ કે પૂર્વ મંજુરી મેળવનાર કે સરકારી વાહનને આ નિયમ લાગુ પડશે નહીં.

# સૌરાષ્ટ્ર યુનિ. ખાતે આંતરરાષ્ટ્રીય કાર્યશાળામાં ૨૦૦ થી વધુ સંશોધકો જોડાયા

રાજકોટ, તા.૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવન ખાતે લેટેસ્ટ ટ્રેન્ડ ઈન એકસાઈમર લેસર થીન ફિલ્મ પ્રોસેસીંગ વિષય પર એક દિવસીય આંતરરાષ્ટ્રીય કાર્યશાળાનુ આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યશાળાનુ આયોજન સાયન્સ કલબ ભૌતિકશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વિજ્ઞાન ગુર્જરી તેમજ લેસર સાયન્સ પ્રાઈવેટે લિમિટેડ કંપનીના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યુ હતુ. આ કાર્યશાળામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડો.ઉત્પલ જોષી, વિજ્ઞાન ગુર્જરી સૌરાષ્ટ્ર કચ્છ ઝોન કન્વીનર પ્રો.ડો.નિકેશ શાહ, ઈન્વાઈટેડ સ્પીકર મિ.મેકસ ફિશર, લેસર સાયન્સ પ્રાઈવેટ લિમિટેડના પ્રતિનિધિ સંદીપ્ત શાહુ તથા ભૌતિકશાસ્ત્ર ભવનમાં પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળા અંતર્ગત જર્મન ઈન્ડસ્ટ્રી કોહરન્ટના પ્રોડકટ ઈન લાઈન મેનેજર મિ.મેકસ ફિશરના વ્યાખ્યાનનુ આયોજન કરવામાં આવ્યુંહતુ. ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ પ્રો.ડો.ઉત્પલ જોશીનુ ભૌતિકશાસ્ત્ર ભવનના અધ્યાપકો, સ્ટાફ મેમ્બર્સ તેમજ પીએચડી સ્કોલર દ્વારા અભિવાદન કરવામાં આવ્યુ હતુ. આ તકે ભવનના અધ્યક્ષ પ્રોફેસર નિકેશ શાહે જણાવ્યું હતુ કે પ્રો.ઉત્પલ જોષી ભૌતિકશાસ્ત્ર ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચૂકયા છે.

# ભારત સેવક સમાજ ખાતે બહેનો માટે સિવણના વર્ગો

રાજકોટ, તા.૬

ભારત સેવક સમાજના મંત્રી જનાર્દન પંડયાની યાદી મુજબ ભારત સેવક સમાજ, નહેરૂ ઉદ્યાન, રેસકોર્ષ બાલભવન પાસે બહેનો માટે સિવણ વર્ગ, મોતીકામ તથા ભરતગુંથણના વર્ગો સોમથી શનિ સાંજે ૪ થી ૬ ચલાવવામાં આવે છે. રસિલા પઢીયાર બહેનોને તાલિમ આપે છે. રસ ધરાવતી બહેનોને સિવણ, મોતીકામ, ભરતગુંથણના વર્ગોનો લાભ લેવા ભારત સેવક સમાજ દ્વારા વિનંતી કરવામાં આવી છે તેમ જનાર્દન પંડયાની યાદી જણાવે છે.

# કચ્છમાં સેવાકાર્યો દ્વારા સાંસદ વિનોદ ચાવડાનો ઉજવાયો જન્મદિવસ

રાજકોટ, તા.૬

૪૭ માં જન્મદિને કચ્છમાં વિવિધ સ્થાનોએ તેમના શુભેચ્છકો અને મિત્રવૃંદ અને સંસ્થાનો તરફથી સાંસદના જન્મદિન નિમિતે સેવાકાર્યમાં જોડાયા હતા. તેમના સુસ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને ઉતરોતર પ્રગતિ માટે રતનપર (ખડીર)યુવા ગ્રુપ દ્વારા રતનપર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ અને લંચબોક્ષ વિતરણ, અંજાર તાલુકાના ભીમાસર ગામે આંગણવાડી મધ્યે બાળકોને સુપોષણ કીટ, લંચબોક્ષ અને પાણીની બોટલ વિતરણ, કચ્છ જીલ્લા ભાજપા યુવા મોરચા દ્વારા રાપર ખાતે બાળકોને નાસ્તાની કીટ વિતરણ, મુંદ્રા તાલુકા ભાજપા તરફથી દેશલપર(કંઠી)ગામે વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ વિતરણ મુંદ્રા તાલુકા ભાજપા દ્વારા દીકરીઓને ભોજન, મોટી ભુજપુર પાંજરાપોળ ખાતે જીવદાયના કાર્ય, ગાંધીધામ કચ્છ જીલ્લા યુવા મોરચા દ્વારા મનોદિવ્યાંગ બાળકોની શાળા હરી આસરી સૌ બાળકો સાથે જન્મદિન ઉજવણી, મહાત્મા ગાંધી આશ્રમ શાળા મંગવાણા મધ્યે અક્ષરસાગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બટુક ભોજન કરાવવામાં આવ્યુ હતુ.

લખપત તાલુકાના દયાપર ખાતે અનુ.જાતિ મોરચા દ્વારા વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવેલ. ભુજ વોર્ડ નં.૩ માં કિરણ ગોરી, ધાલાભાઈ દ્વારા રાશનકીટ તથા બાળકોને ચોકલેટ વિતરણ મેઘવંશી ગુર્જર યુવા મંડળ ટ્રસ્ટ દ્વારા જીવન જયોત બ્લડ બેંક મધ્યે બ્લડ ડોનેશન કેમ્પ, ગ્લોરી ગ્રુપ દ્વારા મોટાપીર ચાર રસ્તા મધ્યે વૃક્ષારોપણ ગડા ૫ માધાપર વિકલાંગ શાળા મધ્યે ૧૫૦ દીકરીઓને ભોજન તેમજ કેક કટીંગ કરી ઉજવણી, શાંતિનિકેતન શાળા મધ્યે બાળકોને ભોજન તથા કોળી સમાજના સ્કુલના બાળકોને દિનેશ ઠક્કર ગ્રુપ દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ, ખાખી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કેન્સરના દર્દીઓને કીટ વિતરણ, માંડવી તાલુકાના મસ્કા ગામે નિશુલ્ક મેડિકલ કેમ્પનુ આયોજન, એંન્કર વાળા જનરલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતુ.

## અવસાન નોંધ:

મોરબી સ્વ. વાળંદ ઘેલાભાઇ મોતીભાઇ સોલંકીના નાના પુત્ર દિલીપભાઈ ઘેલાભાઇ સોલંકી (ઉ.વ.૬૬) તે સ્વ. ભગવાનજીભાઇ તેમજ વિનુભાઇ તથા કિશોરભાઈના નાના ભાઈ તે મિલન તથા જયના પિતાશ્રી તેમજ મિતાંશના દાદા તથા ખોરાણા નિવાસી ભટી લાલજીભાઇ વેલજીભાઇના જમાઇ તથા રાજેશભાઇ તેમજ નિલેશભાઇના બનેવીનુ તારીખ ૦૪/૦૩/૨૦૨૫ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયું છે સદગતનુ બેસણુ તથા પિયર પક્ષ નુ બેસણુ તારીખ ૦૭/૦૩/૨૦૨૫ ને શુક્રવાર ના રોજ સાંજે ૦૪ થી ૦૬ વાળંદ જ્ઞાતિની વાડી જવેરી શેરી, લખધીર વાસ વાંકાનેર દરવાજા પાસે સેન જ્ઞાતિ માર્ગ મોરબી મુકામે રાખેલ છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રીનો સંકલ્પ

**સૌને અન્ન...સૌને પોષણ...**





માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્ર મોદીના

વરદ્હસ્તે





પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત
ગંગાસ્વરૂપા, વૃદ્ધ, દિવ્યાંગ સહાય યોજના તથા
ગરીબ લાભાર્થી પરિવારોના અંદાજિત
૨,૦૦,૦૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજનું

## લાભ વિતરણ

:: પ્રેરક ઉપસ્થિતિ ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન. મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી.આર.પાટીલ**
માન. કેન્દ્રીય મંત્રી, જળશક્તિ મંત્રાલય

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંત્યોદય કલ્યાણની વિચારધારાને કેન્દ્રમાં રાખી સમાજના વંચિત જૂથને સીધો લાભ પહોંચે તે હેતુથી

**સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાન**

ગંગાસ્વરૂપા સહાય યોજના, વૃદ્ધ સહાય યોજના,
દિવ્યાંગ સહાય યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા તથા અન્ય ગરીબ પરિવારોને

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ આપવાનો સંકલ્પ**

૭ માર્ચ ૨૦૨૫, શુક્રવાર | બપોરે ૩-૦૦ વાગે | નીલગીરી સર્કલ, લિંબાયત, સુરત








**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર**